નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

RNI title code no. GUJGUJ18053 RNI Reg. No. GUJGUJ/2023/85765 Daily Morning Newspaper

માલિક/એડિટર : રાજેશ ઉદયકુમાર બગડાઈ | Date 25 DECEMBER 2024 | WEDNESDAY | Page :8 | Year : 2 | Issue :224 | Price: 2/-




ભરશિયાળે કરા-વરસાદ પડશેઃ ગુરુ-શુક્રવારે આગાહી
જુઓ પેજ નં.૪

## ઉત્તર ભારતમાં ઠંડીની લહેર... મેદાનોમાં ઝરમર વરસાદને કારણે ઠંડી, શ્રીનગરમાં પારો - ૮.૬, દલ સરોવર થીજી ગયું



શ્રીનગર પહાડો પર હિમવર્ષા સાથે, રાજધાની સહિત મેદાની વિસ્તારોમાં ઘણી જગ્યાએ ઝરમર વરસાદથી સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીમાં વધારો થયો છે. કાશ્મીરમાં ચિલ્લી કલાનના ત્રીજા દિવસે સોમવારે શ્રીનગરમાં હિમવર્ષા થઈ હતી અને ઘણી જગ્યાએ પારો શૂન્યથી નીચે નોંધાયો હતો. હિમાચલ પ્રદેશના શિમલામાં ક્રિસમસ પહેલા સિઝનની બીજી હિમવર્ષાએ પ્રવાસીઓનો ઉત્સાહ ભરી દીધો હતો. મેદાની વિસ્તારોમાં, ઉત્તર પ્રદેશ, પંજાબ, હરિયાણા, દિલ્હી-એનસીઆર, રાજસ્થાનમાં કેટલાક સ્થળોએ ઠંડા પવન અને વરસાદ સાથે તાપમાનમાં ઘટાડો નોંધાયો હતો. સવારે અનેક વિસ્તારોમાં ધુમ્મસની ચાદર છવાઈ ગઈ હતી. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે પડેલા વરસાદને પાક માટે ખૂબ જ ફાયદાકારક માનવામાં આવે છે. દિવસભર વાદળછાયા વાતાવરણને કારણે સોમવારે દિલ્હી-એનસીઆર, મથુરા અને મેરઠમાં સૂર્યપ્રકાશ નહોતો. દિલ્હીમાં પણ સાંજે વરસાદ પડ્યો હતો. લઘુત્તમ તાપમાન ૮.૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જો કે હળવો વરસાદ અને ઝરમર ઝરમર વરસાદ હોવા છતાં પ્રદુષણના સ્તરથી લોકોને રાહત મળી નથી. એર ક્વોલિટી ઈન્ડેક્સ (અચઈ) ૪૫૦ પર ગંભીર શ્રેણીમાં રહ્યો. તે જ સમયે, રાજસ્થાનના ગંગાનગર, ચુરુ, પિલાનીમાં હળવો વરસાદ થયો હતો. જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં પારો માઈનસ ૮.૬ ડિગ્રી સુધી ગગડી ગયો હતો, જ્યારે મહત્તમ તાપમાન ૭ ડિગ્રી નોંધાયું હતું. ઠંડીના કારણે દાલ સરોવરમાં અડધો ઈંચ બરફ જમા થયો છે.

# જમ્મુ-કાશ્મીરમાં આર્મી-વાન ૩૫૦ ફૂટ ઊંડી ખીણમાં ખાબકી, ૫નાં મોત



## ૧૦ જવાન ઘાયલ, ૩ હજુ લાપતા; પૂંછમાં LOC નજીક બની ઘટના

જમ્મુ-કાશ્મીર, તા.૨૪

જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં મંગળવારે સાંજે આર્મી-વાન ૩૫૦ ફૂટ ઊંડી ખીણમાં પડી હતી. વાનમાં ૧૮ સૈનિક હતા, જેમાંથી ૫નાં મોત થયાં છે. એ જ સમયે ૧૦ ઘાયલ થયા છે. ૪ની હાલત ગંભીર છે. લાપતા ૩ જવાનની શોધ ચાલુ છે.

સાંજે તમામ સૈનિકો લાઈન ઓફ કંટ્રોલ (LOC) તરફ જઈ રહ્યા હતા. દરમિયાન બાલનોઈ વિસ્તારમાં ઘોડા પોસ્ટ પાસે ડ્રાઈવરે કાબૂ ગુમાવતાં વાન ખીણમાં પડી ગઈ હતી. તમામ સૈનિકો ૧૧ મરાઠા રેજિમેન્ટના હોવાનું કહેવાય છે.

દુર્ઘટનાની માહિતી મળતાંની સાથે જ સેનાની ક્વિક રિસ્પોન્સ ટીમ (QRT) ઘટનાસ્થળે પહોંચી હતી અને બચાવકાર્ય શરૂ કર્યું હતું. ઘાયલ જવાનોને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

અગાઉ નવેમ્બરમાં બે અલગ-અલગ ઘટનામાં ૫ જવાનનાં મોત થયાં હતાં. ૪ નવેમ્બરે રાજૌરીમાં એક માર્ગ અકસ્માતમાં બે નાઈક સૈનિકે જીવ ગુમાવ્યા હતા. એ જ સમયે ૨ નવેમ્બરના રોજ રિયાસી જિલ્લામાં કાર ખાડામાં પડતાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતાં.

૧૯ ઓગસ્ટે લદ્દાખમાં સેનાનું એક વાહન ૬૦ ફૂટ ખાઈમાં પડી ગયું હતું, જેમાં ૯ જવાન શહીદ થયા હતા. સેનાના કાફલામાં પાંચ વાહન સામેલ હતાં, જેમાં ૩૪ જવાન સવાર હતા. આ અકસ્માતમાં એક જવાન પણ ઘાયલ થયો હતો. લેહના એસએસપી પીડી નિત્યાએ જણાવ્યું હતું કે વાહનના ડ્રાઈવરે વાહન પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું, જેના કારણે ટ્રક ખાડામાં પડી હતી.

૨૯ એપ્રિલ, ૨૦૨૩ના રોજ જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં સેનાની એમ્બ્યુલન્સ રસ્તા પરથી લપસી ગઈ અને ૨૦૦ ફૂટ ઊંડી ખીણમાં પડી. આ અકસ્માતમાં બે જવાનનાં મોત થયાં હતાં. એ જ સમયે બે જવાન પણ ઘાયલ થયા હતા. આ ઘટના લાઈન ઓફ કંટ્રોલ (LAC) પાસે કેરી સેક્ટરમાં બની હતી. અકસ્માતમાં મૃત્યુ પામેલા જવાનોની ઓળખ બિહારના હવાલદાર સુધીર કુમાર અને રાજૌરીના પરમવીર શર્મા તરીકે થઈ હતી.

૨૩ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ સિક્કિમના જેમામાં આર્મીની ટ્રક ખાડામાં પડી હતી, જેમાં ૧૬ જવાન શહીદ થયા હતા.

# મહારાષ્ટ્ર ભાજપમાં ફરી વિવાદઃ શિંદે જૂથને બંગલાને બદલે ફ્લેટ ફાળવાતા નારાજગી



મુંબઈ, તા.૨૪

મહારાષ્ટ્રમાં દેવેન્દ્ર ફડણવીસ સરકારના નવા મંત્રીઓને સરકારી મકાનો ફાળવવામાં આવ્યા છે. જેમાં હવે મંત્રીઓને આપવામાં આવેલા સરકારી મકાનને લઈને વિવાદ શરૂ થયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર શિવસેનાના કેટલાક મંત્રીઓને સરકારી બંગલાના બદલે સરકારી ફ્લેટ ફાળવવામાં આવ્યા છે. જેના કારણે શિવસેના શિંદે જૂથના મંત્રીઓ નારાજ છે. ભાજપના ટોચના મંત્રીઓને પોશ સરકારી બંગલા ફાળવવામાં આવ્યા છે, જ્યારે શિવસેનાના કેટલાક કેબિનેટ મંત્રીઓને ફ્લેટ આપવામાં આવ્યા છે. બંને પક્ષના મંત્રીઓને આપવામાં આવેલા ફ્લેટની યાદી બહાર આવી છે.આ યાદી સરકારના મંત્રીઓને આપવામાં આવેલા ફ્લેટની યાદી જોઈએ તો ચંદ્રશેખર બાવનકુલે- રામટેક, રાધાકૃષ્ણ વિખે પાટીલ- રોયલસ્ટોન, રાહુલ નાર્વેકર - શિવગીરી, પંકજા મુંડે- પર્ણકુટી, શંભુરાજે દેસાઈ- મેઘદૂત, સંજય રાઠોડ - શિવનેરી, ગણેશ નાઈક- પવનગઢ, ધનંજય મુંડે- સાતપુડા, ચંદ્રકાંત પાટીલ- સિંહગઢ, ગિરીશ મહાજન- સેવા સદન, મંગલ પ્રભાત લોઢા- વિજયદુર્ગ, અશોક ઉઈકે- લોહગઢ, આશિષ શેલાર- રત્નાશિશુ, દત્તાત્રય ભરણે- સિદ્ધગઢ, અદિતિ તટકરે- પ્રતાપગઢ, શિવેન્દ્રરાજે ભોસલે- પન્હાલગઢ, જયકુમાર ગોરે- પ્રચીતિગઢ, ફાળવવામાં આવ્યું છે.

# દેશના પાંચ રાજ્યોમાં રાજ્યપાલોની નિયુક્તિ, રાષ્ટ્રપતિએ રઘુબર દાસનું રાજીનામું સ્વીકાર્યું



નવી દિલ્હીઃ ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ અલગ અલગ રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂંક કરી છે. રાષ્ટ્રપતિ ભવન તરફથી જાહેર કરાયેલી નોટિફિકેશન અનુસાર, જ્યારે ઓડિશાના રાજ્યપાલ રઘુબર દાસે રાજીનામું આપ્યું છે. મિઝોરમના રાજ્યપાલ ડૉ. હરિ બાબુ કંભમપતિને ઓડિશાના રાજ્યપાલ બનાવાયા છે.ડૉ. વી.કે.સિંહને મિઝોરમના રાજ્યપાલ બનાવાયા છે. આ સિવાય બિહારના ગવર્નર રાજેન્દ્ર આર્લેકરને કેરળના રાજ્યપાલ બનાવાયા છે. જ્યારે કેરળના રાજ્યપાલ આરિફ મોહમ્મદ ખાનને બિહારના રાજ્યપાલ બનાવવામાં આવ્યા છે. તો અજય કુમાર ભલ્લાને મણિપુરના રાજ્યપાલ નિયુક્ત કરાયા છે.



## તંત્રી લેખ

–રાજેશ યુ. બગડાઈ

# ભારતને હવે આતંકવાદ ના પરવડે



પિલિભીતનું એન્કાઉન્ટર જેન્યુઈન હોય તો દેશ માટે બહુ મોટી ખતરાની ઘંટી કહેવાય. ભારતમાંથી ખાલિસ્તાની આતંકવાદ સાવ નેસ્તનાબૂદ થઈ ગયો છે. ખાલિસ્તાનની પિપૂડી વગાડતાં સંગઠનો અસ્તિત્વમાં છે પણ બધાં કાગળ પર છે. ૧૯૯૦ના દાયકામાં પંજાબમાં બિયંતસિંહની સરકારે ગોળીનો જવાબ ગોળીથી આપવાની નીતિ અપનાવીને ખાલિસ્તાનવાદી આતંકીઓનાં ઢીમ ઢાળવા માંડયાં પછી મોટા ભાગના આતંકીઓ પાકિસ્તાન ભાગી ગયેલા. પાકિસ્તાનના લશ્કર અને આઈએસઆઈએ આપેલા મફતના રોટલા તોડતા આ ખાલિસ્તાનવાદી આતંકવાદીઓ બહુ મથ્યા પણ ભારતમાં ફરી આતંકવાદ ફેલાવી નથી શક્યા. પંજાબનાં લોકોને પણ આતંકવાદ વિનાની શાંતિ માફક આવી ગઈ છે તેથી પંજાબની પ્રજા પણ આ નેતાઓની વાતોમાં આવતી નથી.

કેનેડા, અમેરિકા, યુકેમાં રહેતા ખાલિસ્તાનવાદીઓ ભારતમાં ફરીથી ખાલિસ્તાનની ચળવળને સક્રિય કરવા માગે છે એવી વાતો લાંબા સમયથી સાંભળવા મળે છે. ૧૯૯૦ના દાયકામાં પંજાબમાં લોહીની નદીઓ વહાવનારા આતંકવાદીઓ જેવા જ આતંકવાદી ફરી તૈયાર કરાઈ રહ્યા છે એવી વાતો પણ બહુ સાંભળવા મળે છે. આ વાતો વચ્ચે પંજાબમાં છેલ્લા કેટલાક સમયથી ઉપરાછાપરી ગ્રેનેડ હુમલા થઈ રહ્યા છે. પંજાબમાં છેલ્લા મહિનામાં ૮ વખત ગ્રેનેડ હુમલા થયા છે અને મોટા ભાગના ગ્રેનેડ હુમલા પોલીસ સ્ટેશનો પર થઈ રહ્યા છે તેથી ખાલિસ્તાનવાદી સક્રિય થયા હોવાની વાતો સાચી લાગતી હતી ત્યાં સોમવારે પરચો પણ મળી ગયો.

ઉત્તર પ્રદેશના પીલીભીતમાં સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (એસટીએફ) અને પંજાબ પોલીસે હાથ ધરેલા એન્કાઉન્ટરમાં ૩ ખાલિસ્તાની આતંકવાદી માર્યા ગયા. માર્યા ગયેલા ત્રણેય આતંકીઓ ખાલિસ્તાની ઝિંદાબાદ ફોર્સ (કેઝેડએફ)ના હોવાનું કહેવાય છે. ગુરવિન્દર સિંઘ (૨૫ વર્ષ), વીરેન્દ્ર સિંઘ ઉર્ફે રવિ (૨૩ વર્ષ) અને જસપ્રીત સિંઘ ઉર્ફે પ્રતાપ સિંહ (૧૮) તરીકે ત્રણેયની ઓળખ થઈ છે. આ ત્રણેય પંજાબના ગુરદાસપુરના રહેવાસી હતા અને ગુરદાસપુર જિલ્લામાં બે પોલીસ ચોકી પર ગ્રેનેડ હુમલાની ઘટનામાં સામેલ હતા.

પંજાબ પોલીસે આ આતંકવાદીઓ ઉત્તર પ્રદેશમાં ઘૂસ્યા હોવાની બાતમી અપાઈ પછી સ્પેશિયલ ટાસ્ક ફોર્સની મદદથી તેમને ઘેરી લેવાયા હતા. આતંકવાદીઓ પાસે છણ-૪૭ સહિતનાં હથિયારો હતાં. પોલીસે પોતાને ઘેરી લીધાં હોવાનું જોયા પછી આતંકવાદીઓએ પોલીસ પર ગ્રેનેડ ફેંક્યા હતા અને દે ધનાધન ગોળીબાર પણ કર્યો હતો. લગભગ અડધા કલાક સુધી ચાલેલા એન્કાઉન્ટરમાં પોલીસ અને આતંકવાદીઓ વચ્ચે ૧૦૦ રાઉન્ડથી વધુ ફાયરિંગ થયું હતું. પોલીસે વળતો ગોળીબાર કર્યો તેમાં એક પછી એક ત્રણેય ઢબી ગયા. પોલીસને આતંકીઓ પાસેથી બે એકે-૪૭ રાઈફલ, બે ગ્લોક પિસ્તોલ અને મોટી સંખ્યામાં જીવતા કારતૂસ મળી આવ્યાં છે તેના પરથી સ્પષ્ટ છે કે, આતંકીઓ પૂરી તૈયારી કરીને આવ્યા હતા. સામાન્ય રીતે પોલીસ કોઈ પણ એન્કાઉન્ટર કરે ત્યારે શંકાના દાયરામાં આવી જાય છે. પોલીસે વાહવાહી કરાવવા માટે ગમે તેને ગોળીએ દઈ દીધા હશે એવી શંકા પણ થાય છે પણ આ કિસ્સામાં હજુ સુધી એવી કોઈ શંકા કરાઈ નથી. તેનું કારણ કદાચ એ છે કે, આ ઓપરેશન બે રાજ્યોની પોલીસે સાથે મળીને કર્યું છે અને બંને રાજ્યોમાં એકબીજાના કટ્ટર વિરોધી પક્ષોની સરકાર છે. પંજાબમાં આમ આદમી પાર્ટીના ભગવંત માનની જ્યારે ઉત્તર પ્રદેશમાં ભાજપના યોગી આદિત્યનાથની સરકાર છે.



# ભગવાન ઈસુ ખ્રિસ્તના ઉપદેશો પ્રેમ, સંવાદિતાનો સંદેશ આપે છે : મોદી

### પ્રધાનમંત્રીએ કેથોલિક બિશપ્સ કોન્ફરન્સની નાતાલ ઉજવણીમાં હાજરી આપી

નવી દિલ્હી, તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કહ્યું હતું કે, ભગવાન ઈસુ ખ્રિસ્તના ઉપદેશો પ્રેમ, સંવાદિતા અને ભાઈચારાનો સંદેશ આપે છે. તેમણે કહ્યું કે, આ ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે આપણે બધા કામ કરીએ તે જરૂરી છે. સેન્ટર કેમ્પસમાં કેથોલિક બિશપ્સ કોન્ફરન્સ ઓફ ઈન્ડિયા () દ્વારા આયોજિત નાતાલની ઉજવણીમા વડાપ્રધાને કહ્યું કે, જ્યારે હિંસા ફેલાવવાના અને સમાજમાં વિઘટન પેદા કરવાના પ્રયાસો થઈ રહ્યા છે ત્યારે તેઓ ખૂબ જ દુખી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, માત્ર ભારતની માનવ-કેન્દ્રિત નીતિ જ ૨૧મી સદીના વિશ્વને નવી ઊંચાઈઓ પર લઈ જઈ શકે છે. મળતી માહિતી મુજબ આ પ્રથમ વખત છે જ્યારે દેશના કોઈ વડાપ્રધાને ભારતમાં કેથોલિક ચર્ચના મુખ્યાલયમાં આવા કાર્યક્રમમાં ભાગ લીધો હોય. ની સ્થાપના ૧૯૪૪માં કરવામાં આવી હતી અને સમગ્ર ભારતમાં તમામ કેથલિકો સાથે મળીને કામ કરે છે. મોદીએ જર્મનીમાં નાતાલ બજાર પર થયેલ હુમલાને અને શ્રીલંકામાં ૨૦૧૯ના ઈસ્ટર બોમ્બ ધડાકાને ટાંકીને તેમણે કહ્યું કે, આવા પડકારો સાથે મળીને લડવું મહત્વપૂર્ણ છે.વડાપ્રધાને કહ્યું કે, એક દાયકા પહેલા જ્યારે અમે ફાધર એલેક્સિસ પ્રેમ કુમારને યુદ્ધગ્રસ્ત અફઘાનિસ્તાનમાંથી સુરક્ષિત રીતે પરત લાવ્યા હતા, તે મારા માટે ખૂબ જ સંતોષની ક્ષણ હતી. અમારા માટે, આ તમામ મિશન કુટુંબના સભ્યોને પાછા લાવવા રાજનીતિક નથી પરંતુ ભાવનાત્મક પ્રતિબદ્ધતાઓ છે. મોદીએ કહ્યું કે જ્યારે કોરોના મહામારી આવી ત્યારે માનવાધિકારની મોટી મોટી વાતો કરનારા ઘણા દેશોએ ગરીબ દેશોની મદદ કરવાનું પાછું ખેંચ્યું હતું. ભારતે કોરોના દરમિયાન ગરીબ દેશોની મદદ કરવા માટે તેની ક્ષમતાઓથી આગળ વધીને ૧૫૦થી વધુ દેશોને દવાઓ આપી.

# આંતરરાષ્ટ્રી ડ્રગ્સ ડીલર સુનિલ યાદવને કેલીફોર્નીયામાં ઠાર મારતું બિશ્નોઈ ગેંગ

નવી દિલ્હી, તા.૨૪

ગુજરાત સહિત દેશમાં સક્રિય લોરેન્સ બિશ્નોઇ ગેંગ એ આંતરરાષ્ટ્રી ડ્રગ્સ સ્મગલર સુનિલ યાદવની અમેરિકાના કેલીફોર્નીયામાં ગોળી મારી હત્યા કરી અને તેની જવાબદારી અમેરિકામાં જ રહેતા ગેંગસ્ટર ગોલ્ડી બ્રાર અને રોહિત ગોદારાએ લીધી છે.જેઓ લોરેન્સ બિશ્નોઇ ગેંગ સાથે જોડાયેલા છે. ફેસબુક પર બ્રારે એક પોસ્ટ મુકીને લખ્યું છે કે, મેં અને રોહિતે સુનિલ યાદવ ઉર્ફે ગોલીની હત્યાની જવાબદારી લીધી છે અને અમારા બંધુ અંકિત ભાદુનું જે એન્કાઉન્ટર કરાયું હતું તેનો પણ જવાબ માંગ્યો છે અને આ હત્યા પંજાબ પોલીસને સમર્પીત છે.આ પોસ્ટમાં લખાયું હતું કે, કેનીફોર્નીયાના સ્ટોકટન વિસ્તારમાં બ્લોક નં.ક૭૦૦માં તેને ઠાર મરાયો છે. ફેસબુક પોસ્ટમાં એવો આરોપ મુકાયો કે, સુનિલ યાદવ ડ્રગ્સના ધંધામાં સામેલ હતો અને તે પંજાબ, હરિયાણા અને રાજસ્થાનમાં નાર્કોટીક પુરું પાડતો હતો અને પોલીસ સાથે તેની સાઠગાઠ હતી.અંતમાં ગોલ્ડીએ ચેતવણી આપી છે કે, અમારા તમામ દુશ્મનો તૈયાર રહે તમે દુનિયાના કોઈપણ ખુણે હશો તો પણ અમે ત્યાં સુધી પહોંચી જશું. અમેરિકી પોલીસે એ સ્વીકાર્યું હતું કે યાદવ ડ્રગ્સના આંતરરાષ્ટ્રીય ધંધામાં સંડોવાયો હતો.

# સુપ્રીમ કોર્ટના કોલેજીયમે તોડી પરંપરા હાઈકોર્ટ જજ માટે ઉમેદવારોને રૂબરૂ મળ્યા

નવી દિલ્હી,તા.૨૪

સુપ્રીમકોર્ટના કોલેજીયમે રવિવારે પરંપરાથી હટીને પગલુ લીધું હતું. કોલેજીયમે હાઈકોર્ટના જજ પદ માટે વિચારાધીન ઉમેદવારોની સાથે વાતચીત કરી હતી. કોલેજીયમના આ પગલાને ન્યાયિક નિયુક્તિ પ્રક્રિયા એક વિકાસનું પ્રતીક માનવામાં આવે છે.આ ઘટનાક્રમ આ મહિનાની શરૂઆતમાં વિશ્વ હિન્દુ પરિષદના કાર્યક્રમમાં અલાહાબાદ હાઈકોર્ટના એક જજની વિવાદાસ્પદ ટિપ્પણી સાથે જોડાયેલ ટિપ્પણીને ધ્યાનમાં રાખીને આવી છે.અહેવાલો મુજબ દેશના ચીફ જસ્ટીસ સંજીવ ખન્ના સહિત કોલેજીયમના કેટલાક સભ્યોનું માનવું હતું કે, પ્રમોશન માટે ઉમેદવારોની લાયકાતની વ્યાપક સમજ હાંસલ કરવા માટે સંભવિત જજોને વ્યક્તિગત રીતે મળવું જરૂરી હતું.



# ભરશિયાળે કરા-વરસાદ પડશેઃ ગુરૂ-શુક્રવારે આગાહી

## સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતમાં કરા સાથે હળવો વરસાદ પડશે વધુ અસર કચ્છ અને ઉત્તર ગુજરાતમાં રહેશે હજુ બે દિવસ આંશિક વાદળો છ્વાશે

રાજકોટ,તા.૨૪

રાજયમાં હાલ શિયાળે બરોબર જામ્યો છે. અને કડકડતી ઠંડી પડી રહી છે. અને છેલ્લા બે દિવસથી તો, આંશિક વાદળીયા હવામાન વચ્ચે ધાબડીયું વાતાવરણ છ્વાયુ છે.સવારનાં ભાગે ધૂમ્મસ વચ્ચે ઠંડક વર્તાઈ રહી છે. અને હજુ પણ આવતા બે દિવસ દરમ્યાન આંશિક વાદળીયુ હવામાન રહેશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.ત્યારે ફરી આ ભરશિયાળે ચાલુ સપ્તાહમાં જ ચોમાસાનો અનુભવ થનાર છે.

હવામાન વિભાગ અનુસાર આગામી તા.૨૬ અને ૨૭નાં રોજ એટલે કે આવતા, ગુરૂ અને શુકવારે સૌરાષ્ટ્ર-કચ્છ તથા ઉત્તર ગુજરાતનાં જુદા-જુદા ભાગોમાં કરા સાથે હળવો વરસાદ પડશે.હવામાન વિભાગ અનુસાર ગુજરાત અને રાજસ્થાન ઉપર વેર્સ્ટન ડિર્સ્ટબન્સ અને ઈસ્ટરલી વેવ એમ બે સિસ્ટમ ભેગી થાય છે. જેની અસર રૂપે આગામી તા.૨૬ અને ૨૭નાં રોજ સૌરાષ્ટ્રમાં છુપ છવાયા સ્થળોએ કરા સાથે હળવો વરસાદ પડશે. જયારે, કચ્છમાં અસર વધુ રહેશે અને આખા જિલ્લામાં કરા સાથે હળવો વરસાદ પડશે.આ ઉપરાંત હવામાન પલ્ટાની અસર ઉત્તર ગુજરાતમાં પણ વધુ રહેશે અને અનેક જિલ્લામાં કરા સાથે હળવો વરસાદ પડી શકે છે.હવામાન વિભાગનાં સતાવાર સૂત્રોનાં જણાવ્યા મુજબ ખાસ કરીને કચ્છ ઉપરાંત સૌરાષ્ટ્રમાં અમરેલી, ભાવનગર, સુરેન્દ્રનગર અને જૂનાગઢમાં હવામાન પલ્ટાની વિશેષ અશર રહેશે.ઉપરોકત જિલ્લાઓમાં તા.૨૬ અને ૨૭નાં રોજ કરા સાથે હળવો વરસાદ પડશે જયારે સૌરાષ્ટ્રનાં અન્ય જિલ્લાઓમાં આંશિક વાદળીયું હવામાન છ્વાયેલુ રહેશે.હવામાન વિભાગ મુજબ તા.૨૬ અને ૨૭ દરમ્યાન ઠંડીનું પ્રમાણ પણ જળવાયેલું રહેશે.આમ ભરશિયાળે ફરી લોકોને માવઠાનો સામનો કરવો પડશે.હવામાન વિભાગે આપેલી માહિતી પ્રમાણે, સોમવારે અમદાવાદમાં ૧૭.૮, અમરેલીમાં ૧૪.૨, વડોદરામાં ૧૯.૮, ભાવનગરમાં ૧૮.૮, ભુજમાં ૧૧.૨, દાહોદમાં ૧૫.૨, ડાંગમાં ૧૯.૬, ડીસામાં ૧૬.૩, ગાંધીનગરમાં ૧૭.૧, જામનગરમાં ૧૩.૧, નલિયામાં ૭.૯, રાજકોટમાં ૧૨.૮, સુરતમાં ૨૦.૨ ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, ૨૬મી તારીખે એટલે કે ગુરુવારે કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ જિલ્લામાં છૂટાછ્વાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવા વરસાદની આગાહી છે. આ જિલ્લાઓમાં ચલો એલર્ટ આપવામાં આવી છે. જોકે, આ ઉપરાંતના અન્ય કોઈ જિલ્લામાં કોઈ જ પ્રકારની એલર્ટ આપવામાં આવી નથી.

# રાજકોટમાં વોર્ડ નં.૨ના પોશ એરીયા શ્રોફ રોડ પરના એપાર્ટમેન્ટ પર ચડીને ટીપી શાખાએ છાપરાનું દબાણ તોડી પાડ્યું

## કોલેજવાડીમાં પણ ગેરકાયદે દિવાલનું ડિમોલીશનઃ નાની છતાં રહેવાસીઓમાં ચર્ચા જગાવતી કાર્યવાહી

રાજકોટ, તા.૨૪

મ્યુનિ. કોર્પોરેશનની ટીપી શાખાએ છુટક ડિમોલીશન ચાલુ રાખ્યા છે. તેમાં આજે વોર્ડ નં.૨ના પોશ એરીયા શ્રોફ રોડના એક એપાર્ટમેન્ટમાં બીજા માળે રહેલા છાપરાના બાંધકામને મનપાએ તોડવા મીની ઓપરેશન કરતા વિકસીત વિસ્તારમાં ચર્ચાસ્પદ કિસ્સો બન્યો હતો. આ દબાણો અંગે છેક જિલ્લા ફરિયાદ સ્વાગત કાર્યક્રમમાં ફરિયાદ ગયાનું જાણવા મળ્યું હતું.

એડી.સીટી ઇજનેર એ.એ.રાવલના આદેશ મુજબ સેન્ટ્રલ ઝોન ટીપી શાખાએ આજે વોર્ડ નં.૨ અને ૭માં કાર્યવાહી કરી હતી. વોર્ડ નં.૨માં શ્રોફ રોડ પર બાલાજી લાઇફ સ્ટાઇલ એપાર્ટમેન્ટ આવેલું છે. આ એપાર્ટમેન્ટના બીજા માળે આગળના ભાગે છાપરાનું બાંધકામ કરી દેવાયાની ફરિયાદ મળી હતી.

એપાર્ટમેન્ટમાં કોઇ મંજૂરી વગર ગેરકાયદે રીતે આ છાપરા ખડકાતા અન્ય લોકોને મુશ્કેલી પડતી હોવાની ફરિયાદો થતી હતી. આ બાદ આ એક એપાર્ટમેન્ટનો મામલો છેક તાલુકા અને જિલ્લા ફરિયાદ સંકલનમાં પહોંચ્યો હતો!



સરકાર સુધી ફરિયાદ જતા આજે આ બાલાજી લાઇફ સ્ટાઇલ એપાર્ટમેન્ટમાં બીજા માળે ટીપી શાખાએ છાપરૂ તોડી પાડયુ હતું. આ સાથે વોર્ડ નં.૭માં જાગનાથ પાસે કોલેવાડી શેરી નં. ૪માં સુશીલ નિવાસ બાજુમાં કાર્યવાહી કરવામાં આવી હતી. આ જગ્યાએ પણ અનઅધિકૃત દિવાલ બનાવી દેવામાં આવી હોય. જેસીબીની મદદથી તે તોડી પાડવામાં આવી છે. આ રીતે ટીપી શાખાએ બે ખુબ જ નાના છતાં ચર્ચામાં આવે તેવા ડિમોલીશન કર્યા હતા.

# ગુજરાત સરકાર ૧૦ વર્ષમાં ૧.૫૦ લાખ કર્મચારીની સીધી ભરતી કરશે

## ૧૮ વિભાગોમાં જગ્યા ભરાશે સૌથી વધુ ગૃહ ખાતામાં ભરતી થશે શિડ્યુલ તૈયાર

ગાંધીનગર, તા.૨૪

ગુજરાત સરકાર આગામી એક દાયદામાં મોટી સંખ્યામાં કર્મચારીઓની ભરતી કરશે. ગુજરાત સરકાર ૧૮ ડિપાર્ટમેન્ટમાં ૮૨,૬૭૫ કર્મચારીઓની સીધી ભરતી કરશે અને તેના માટે એક વ્યાપક શેડ્યુલ તૈયાર કર્યું છે. જેમાં શિક્ષણ અને આરોગ્યથી લઈને પરિવાર કલ્યાણ સહિતના આઠ વિભાગો માટે ભરતી ચર્ચા ચાલી રહી છે.

અધિકારીઓનું કહેવું છે કે, રાજ્ય સરકારના વિવિધ વિભાગોમાં ભરતીની ચર્ચા કરવામાં આવી હતી અને તેમાં આગામી ૧૦ વર્ષમાં રાજ્ય સરકારમાં અંદાજીત ૧.૫ લાખ નવા કર્મચારીઓની ભરતી થઈ શકે છે. ૧૦ વર્ષમાં ૧૮




વિભાગોમાં ભરતી કરવામાં આવશે અને તેને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. જેમાં આઠ વિભાગોમાં ભરતી કરવામાં માટે ચર્ચા ચાલી રહી છે. જોકે, અધિકારીઓએ જણાવ્યું હતું કે, સીધી ભરતીની કુલ સંખ્યા ૧.૫ લાખ સુધી પહોંચશે તેવી અપેક્ષા છે.

૧૮ વિભાગોમાંથી જ્યાં ૮૨,૬૭૫ કર્મચારીઓની ભરતી નક્કી કરવામાં આવી છે, તેમાં ગૃહ વિભાગનો હિસ્સો ૫૦ ટકાથી વધુ છે. એટલે કે ગૃહ વિભાગમાં સૌથી વધુ ભરતી થશે. સરકારે આગામી દસ વર્ષમાં ગૃહ વિભાગમાં ૪૩,૩૮૯ કર્મચારીઓની નિમણૂકને મંજૂરી આપી છે. જે વિભાગોમાં ભરતી અંગેની ચર્ચા ચાલી રહી છે.

તેમાં લેબર, સ્કિલ ડેવલપમેન્ટ અને એમ્પ્લોયમેન્ટ ડિપાર્ટમેન્ટ, અર્બન ડેવલપમેન્ટ અને અર્બન હાઉસિંગ ડિપાર્ટમેન્ટ, પંચાયતો, રૂરલ હાઉસિંગ અને રૂરલ ડેવલપમેન્ટ, ઈન્ડસ્ટ્રીઝ અને માઈન્સ ડિપાર્ટમેન્ટ, સ્પોર્ટ્સ, યુથ અને કલ્ચર એક્ટિવિટિઝ ડિપાર્ટમેન્ટ અને બાકીની કેડરસમાં હેલ્થ ડિપાર્ટમેન્ટનો સમાવેશ થાય છે. જે વિભાગો માટે હજી ભરતી અંગેની ચર્ચા-વિચારણ કરવામાં આવી નથી તેમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ અને શિક્ષણ વિભાગનો સમાવેશ થાય છે.આ કવાયત સાથે સંકળાયેલા એક વરિષ્ઠ સરકારી અધિકારીએ જણાવ્યું હતું કે, બાકીના તમામ વિભાગો માટે ભરતી અંગે આગામી થોડા અઠવાડિયામાં વિચાર-વિમર્શ કરવામાં આવશે અને કેટલા કર્મચારીઓની ભરતી કરવી તે નક્કી કરવામાં આવશે. એકંદરે સીધી ભરતી ૧ લાખને વટાવી જવાની અપેક્ષા છે.'' અધિકારીએ સ્પષ્ટ કર્યું કે આ આંકડાઓ આઉટસોર્સિંગ મિકેનિઝમ દ્વારા ભરવામાં આવેલી જગ્યાઓને બાદ કરતાં સરકારી સેવામાં સીધી ભરતીનું પ્રતિનિધિત્વ કરે છે.

અધિકારીઓએ વિગતવાર જણાવ્યું કે, ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન એટલેકે તથા ગુજરાત સબઓર્ડિનેટ સર્વિસિસ સિલેક્શન બોર્ડ એટલે કે વગેરે સહિતની તમામ ભરતી એજન્સીઓ વર્ષ મુજબની ભરતી યોજનાનું પાલન કરશે અને ૧૦ વર્ષના શેડ્યુલની સામે ભરતી અંગેનું નિરીક્ષણ કરશે. ૮૨,૬૭૫ એપોઈન્ટમેન્ટ્સને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે, તેમાં મોટાભાગની વર્ગ-૩ની જગ્યાઓ છે.

વર્ગ-૩ માટે ૭૮,૨૪૧ કર્મચારીઓની ભરતી કરવામાં આવશે. જ્યારે વર્ગ-૨માં ૩૯૫૦ નવી ભરતી કરવામાં આવશે અને વર્ગ-૧માં ૪૮૪ કર્મચારીઓની નિમણૂક કરવામાં આવશે, તેમ સરકારી સૂત્રોએ જણાવ્યું હતું.

બંનેએ અંગત કારણોસર નોકરી છોડતા હોવાનું જણાવ્યું

# રાજકોટ મનપામાં વધુ બે એન્જિનિયરોનાં રાજીનામાં

## પર્યાવરણ ઈજનેર માંડ માન્યા ત્યાં અંબેશ દવે અને સોંડાગરે નોકરીમાંથી મુકત કરવા પત્ર મૂકયોઃ અધિકારીઓમાં હજુ અવિશ્વાસનું વાતાવરણ હોવાની છાપ ટીપી શાખામાં ફેરફારોની ફરી ચર્ચા

રાજકોટ, તા. ૨૪

રાજકોટ મહાપાલિકાનું વહીવટી તંત્ર ટીઆરપી ગેમ ઝોન અગ્નિકાંડની ઘટના બાદ નવા વળાંક પર આવીને સુષુપ્ત જેવી હાલતમાં આવીને ઉભુ રહી ગયું છે. નવનિયુકત કમિશ્નર તુષાર સુમેરાએ ફિલ્ડમાં રહીને લોકોના પ્રશ્નો ઉકેલવા અને કામ કરવાની તૈયારીના સંકેત આપ્યા છે ત્યારે સાત મહિનામાં દોઢ ડઝન જેટલા અધિકારીઓ અને કર્મચારીઓએ આપેલા રાજીનામાનો પ્રવાહ રોકવો મોટો પડકાર છે. છેલ્લા થોડા દિવસોથી વધુ અધિકારીઓ રાજીનામા આપનાર હોવાની ચર્ચા વચ્ચે વધુ બે ઇજનેરે નોકરી છોડવાના રાજીનામાપત્ર આપી દીધા છે. અનેક વિભાગો અને કામગીરી ઇન્ચાર્જના હવાલે છે.

કોર્પોરેશનના પર્યાવરણ ઇજનેર તરીકે થોડા સમય પહેલા પ્રજેશ સોલંકીએ રાજીનામુ આપ્યું હતું. તેમણે ફરી મુળ નાયબ ઇજનેરની જગ્યાએ જ કામ કરવા ઇચ્છા દર્શાવી હતી. પરંતુ પૂર્વ કમિશ્નરે તેમને મુકત કર્યા ન હતા. હવે નવા કમિશ્નરના કાર્યકાળમાં તેઓએ ઇન્ચાર્જ તરીકે ફરજ બજાવવાનો ઇરાદો યથાવત રાખ્યો છે ત્યારે અન્ય બે ઇજનેરોએ નોકરી છોડવા નિર્ણય કર્યો છે.

મ્યુનિ. કોર્પોરેશનના વર્તુળોમાંથી મળતી વિગત મુજબ સ્માર્ટ સીટી અને વોટર વર્કસ વિભાગમાં ડે.ઇજનેર તરીકે ફરજ બજાવતા અધિકારી સોંડાગરે પદ પરથી રાજીનામુ આપ્યું છે. તેઓ સીવીલ આસી. ટાઉન પ્લાનર છે તો અગાઉ ટીપી શાખામાં ફરજ બજાવતા અને તે બાદ બદલી પામેલા નિષ્ઠાવાન અધિકારી અંબેશ દવેએ પણ ફરી ડે.ઇજનેર તરીકે રાજીનામુ રજૂ કર્યુ છે.



નવા કમિશ્નર પાસે આ બે નવા રાજીનામા પહોંચ્યા છે. આ અગાઉ વોટર મેનેજમેન્ટ, સ્માર્ટ સીટી, સીટી ઇજનેર સહિતની ઉચ્ચ કેડરમાં રાજીનામાનો દૌર ચાલ્યો હતો. અગ્નિકાંડ બાદ ટીપી સહિતની શાખામાં પણ ધડાધડ રાજીનામા પડયા હતા. ટીપીમાં નિમણુંક થવાના કારણે પણ એક બે અધિકારીએ નોકરી છોડવાની ઇચ્છા વ્યકત કરી દીધી હતી.

એક રીતે છેલ્લા છ-સાત મહિનામાં કોર્પો.માં અવિશ્વાસનું મોટુ વાતાવરણ દેખાયું હતું. આ વાતાવરણ ફરી જીવંત કરવાની જવાબદારી નવા કમિશ્નર ઉપર છે. ફિલ્ડમાં દોડવાનો ઇરાદો રાખતા કમિશ્નર સાથે તેમની ટીમનું ટયુનીંગ ખુબ મહત્વનું બનવાનું છે.

દરમ્યાન હાલ તો બે અધિકારીએ રાજીનામા આપ્યા છે. હજુ અમુક વિચારણામાં છે. કેટલાક રીપીટ રાજીનામા મૂકશે તેવું સંભળાઇ રહ્યું છે. કોર્પો.માં હાલ કોઇપણ કામગીરી કે નિર્ણય લેવામાં અધિકારીઓ છાશ પણ ફૂંકી ફૂંકીને પીતા હોય તે પ્રકારે કામ કરે છે.

હાલ રાજકોટ કોર્પો.ની ટીપી શાખાની કામગીરીના પડઘા સરકાર સુધી પડતા રહે છે. બિલ્ડરથી માંડી આર્કિટેકટ એસો. દ્વારા સરકારમાં પ્લાન કમ્પલીશન માટે સતત ફરિયાદો કરવામાં આવે છે. છ મહિનાથી ૩૦૦થી વધુ બીયુ ફસાઇને પડયા છે.

સરકારના અભિપ્રાય બાદ કમિશ્નર અને ટીપીઓ શું નિર્ણય લે તેના પર મોટો મદાર છે. આ દરમ્યાન સરકારમાંથી ઇન્ચાર્જ તરીકે આવેલા ટીપીઓ પણ ટીપી શાખાના ભાગલા પડયા બાદ સત્તાવાર અને સરકારી કામગીરી સિવાય બહુ રસ ન લેતા હોવાની છાપ છે. આથી આ અધિકારી શું બદલાશે તે ચર્ચાએ પણ જોર પકડયું છે.

ટીપી શાખાની કામગીરીના ટુકડા કરીને ઇજનેરો અને ડે.કમિશ્નરોના ટેબલ હવાલે કરવામાં આવ્યા છે. આથી હવે ફરી ટીપી શાખાનું મુળ સ્વરૂપમાં વેલ્ડીંગ કરવા પણ અવારનવાર સૂચનો થતા હોય, ટીપીઓનો ચાર્જ અન્ય કોઇ અધિકારીને સોંપવામાં આવે તેવી શકયતા છે.ટીપીઓની એક જગ્યાની ભરતી પ્રક્રિયા ચાલી રહી છે. પરંતુ સરકારે મૂકેલા ટીપીઓને બદલવાનો નિર્ણય તો સરકાર જ લઇ શકશે. આથી હજુ વહીવટી તંત્રમાં કેટલાક ફેરફારો આવવાના સંકેત છે.

# ગોંડલ યાર્ડમાં ગોંડલિયાં મરચાંની ૫૦ હજાર ભારીની આવક



### ૨૦ કિલોના રૂ. ૧૫૦૦થી ૩૦૦૦ સુધીના ભાવ બોલાયા

ગોંડલ, તા.૨૪

સૌરાષ્ટ્રમાં નંબર વન ગણાતા ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં રોજિંદા વિવિધ જણસીઓની આવક થતી હોય છે ત્યારે યાર્ડમાં ગોંડલિયા મરચાની અઢળક આવક નોંધાઇ છે. યાર્ડમાં એક જ દિવસમાં ૪૦થી ૫૦ હજાર ભારી મરચાની આવક થવા પામી છે. મરચાની આવક પહેલાં જ યાર્ડ બહાર ૩થી ૪ કિલોમીટર મરચા ભરેલાં વાહનોની કતારો જોવા મળી હતી. ગોંડલિયું મરચું સમગ્ર ગુજરાતમાં પ્રખ્યાત છે, સમગ્ર ગુજરાતમાં ગોંડલનાં તીખાં મરચાં વખણાય છે. અહીંનું મરચું તીખાસને લઈને ગુજરાત ઉપરાંત અન્ય રાજ્યના લોકોને પણ આકર્ષી રહ્યું છે. ત્યારે ગોંડલ માર્કેટ યાર્ડમાં રાજસ્થાન, મધ્યપ્રદેશ સહિતનાં અન્ય રાજ્યોમાંથી વેપારીઓ મરચાં ખરીદવા આવ્યા છે. જો કે મરચાની હરાજીમાં ૨૦ કિલોના ભાવ રૂપિયા ૧૫૦૦થી લઈને ૩૦૦૦ સુધીના બોલાયા હતા. ગોંડલ પંથકમાં માવઠાના માર વચ્ચે ગત વર્ષ કરતાં આ વર્ષે મરચાના પોષણક્ષમ ભાવો ન મળતા હોવાની પણ ફરિયાદ ઊઠી છે.

હડમતાળાના ખેડૂત કિશોર યાદવ જણાવે છે કે મારે મરચાનો પાક સારો એવો આવ્યો છે. વધારે પડતો વરસાદ થવાના કારણે પાકને નુકસાન પણ થયું છે. અંતે થોડો બગાડ બેઠો છે છતાં સારો પાક પણ થયો છે અને ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મરચાના ભાવ સારા મળ્યા છે. ૨૭૫૧ રૂપિયા ભાવ આવ્યા છે. મને સારો એવો ભાવ મળ્યો છે અને વળતર મળે એવું લાગે છે અને ખેડૂતોને સારા એવા ભાવ મળી રહ્યા છે.

પાટીદળના ખેડૂત દિલીપ વરસાણી જણાવે છે કે મેં મરચાનું વાવેતર કરેલું છે. મરચામાં હાલ નુકસાની ઝાઝી છે. ૫૦% સારો ઉતારો છે અને ૫૦% નબળી ગુણવત્તાની ઊતરે છે. હાલ મરચામાં બજાર નથી, બીજા પાક જેટલું વળતર માંડ માંડ મળે એવું છે, ખર્ચા વધી ગયા છે. આ વર્ષે મરચામાં વધારે ભીંસ જેવું લાગે છે. આ પહેલાં ૨૪૦૦ રૂપિયા જેવો ભાવ આવ્યો હતો અને નબળી ગુણવત્તામાં તો ભાવ ડાઉન છે.

ગોંડલ માર્કેટિંગ યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરિયાએ જણાવ્યું હતું કે, આજે ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં મરચાંની આવક કરવામાં આવી હતી. સમગ્ર સૌરાષ્ટ્રમાંથી લગભગ ગોંડલ માર્કેટિંગ યાર્ડમાં પોતાનું મરચું વેચવા આવે છે. આજે ૫૦ હજાર ભારી મરચાંની નોંધાઇ છે, અત્યારે મરચાના ભાવ રૂપિયા ૧૫૦૦થી લઈને ૩૦૦૦ સુધીના બોલાય છે. માર્કેટિંગ યાર્ડમાં સમગ્ર ભારતમાંથી મરચાં ખરીદવા ગોંડલ યાર્ડમાં આવે છે અને અમે પણ બધી કંપનીઓને ઇમેઇલ કર્યા છે.

ભારતની ટોપ એક્સપોર્ટ કંપનીઓ અમેરિકા, જેવા દેશોમાં એક્સપોર્ટ કરતા હોય તે વેપારી જો અહીં મરચાં ખરીદવા આવે તો આપણા ખેડૂતો જે મહામહેનતે મરચાનું ઉત્પાદન તૈયાર લીધું છે એમને એમનો ભાવ સારો મળે. ગયા વર્ષમાં અને આ વર્ષમાં ઝાઝો ફરક નથી પણ અંદાજિત સરખો ભાવ દેખાઈ રહ્યો છે. જેમ જેમ મરચું સૂકું અને સારું મરચું આવશે એમ થોડો ભાવમાં સુધારો થશે. હાલ ગોંડલ યાર્ડમાં રેશમ પટ્ટો, ઘોલર મરચાં વધારે આવતાં હોય છે અને સમગ્ર સૌરાષ્ટ્રના ખેડૂતોને વિનંતી કરીએ છીએ મરચાં વેચવાની ઉતાવળ ના કરતા અને ખાસ કરીને મરચું સુકાવીને લઈ આવો. તેથી તમે જે મહેનત કરીને મરચું તૈયાર કર્યું છે એનો ભાવ સારો મળે.

# વંદે ભારત ટ્રેન રસ્તો ભટકી ગઈ ગોવાને બદલે કલ્યાણ પહોંચી જતા રેલ્વે તંત્ર સ્તબ્ધ

### સિગ્નલ સિસ્ટમમાં ખામીના કારણે બનાવ બન્યો હોવાનો નિર્દેશ મુંબઈની લોકલ ટ્રેન સેવા પ્રભાવિત



મુંબઇ, તા. ૨૪

દેશની સૌથી આધુનિક એવી વંદે ભારત ટ્રેન રસ્તો ભટકીને ગોવાને બદલે જુદા માર્ગે પહોંચી જતા રેલ્વે તંત્રમાં ખળભળાટ સર્જાયો હતો. તેના કારણે મુંબઈમાં લોકલ ટ્રેન સેવા પણ પ્રભાવિત થઇ હતી. અધવચ્ચેથી જ વંદે ભારતને પાછી વાળવામાં આવી હતી અને મુળ માર્ગે રવાના કરવામાં આવી હતી.

આ ચોંકાવનારી ઘટનાની વિગતો પ્રમાણે મુંબઈના છત્રપતિ શિવાજી ટર્મીનલથી મડગાંવ (ગોવા) માટે રવાના થયેલી વંદે ભારત થાણે જિલ્લામાં રસ્તો ભટકી ગઇ હતી. દિવા સ્ટેશનથી આ ટ્રેને પનવેલ તરફ જવાનું હતું જેના બદલે કલ્યાણ તરફ વળાંક લઇ લીધો હતો.

રેલ્વે વિભાગના સુત્રોએ કહ્યું કે, સિગ્નલમાં ખામીના કારણે આ બનાવ બન્યો હતો. અધવચ્ચે બનાવની જાણ થતા વંદે ભારતને પાછી વાળવામાં આવી હતી. આ ઘટનાથી મધ્ય રેલવેની મુંબઇની લોકલ ટ્રેન સેવા અસ્ત વ્યસ્ત બની હતી.

વંદે ભારતને ફરી કલ્યાણ સ્ટેશન લાવવામાં આવી હતી અને અર્ધા કલાક જેવા સમય બાદ દિવા તરફ રવાના કરવામાં આવી હતી. ટ્રેનને ૩૫ મીનીટ સુધી દિવા સ્ટેશને રોકી રાખવામાં આવી હતી.

રેલ્વેના સુત્રોએ એવો દાવો કર્યો કે આ પ્રકારની ઘટના બહુ ભાગ્યે જ બનતી હોય છે. મુંબઈની ઓટોમેટીક સિગ્નલ સિસ્ટમ હોવાથી આ પ્રકારની ઘટના લગભગ અશક્ય હોય છે છતાં કેવી રીતે બનાવ બન્યો તેની તપાસ શરૂ કરવામાં આવી છે. વંદે ભારત ટ્રેન ગોવા દોઢ કલાક મોડી પહોંચી હતી.

# ગુજરાતમાં ધો.૫ અને ૮માં હવે વિદ્યાર્થીઓને નાપાસ કરી શકાશે

### નાપાસ થયેલા છાત્રોને બે મહિનામાં ફરી પરીક્ષા આપવાની તક મળશેઃ શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા



અમદાવાદ, તા.૨૫

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધો. ૫ અને ૮માં વાર્ષિક પરીક્ષામાં અસફળ રહેનારા વિદ્યાર્થીઓ નાપાસ ગણાશે તેમ શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઇ પાનશેરીયાએ જણાવ્યું હતું તમામ શાળાઓમાં નો-ડીટેન્શન પોલીસનો ચુસ્તપણે પાલન થઇ રહ્યું છે.

શિક્ષણ રાજયમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ જણાવ્યું કે, ધોરણ ૫ અને ધોરણ ૮ માં કોઇ વિદ્યાર્થી બે વિષયમાં ૩૫% કરતા ઓછું પરિણામ મેળવે તો તેને વર્ગ બઢતી રોકવાની જોગવાઇ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા કરવામાં આવી છે.

પરંતુ કોરોના મહામારીના કારણે શૈક્ષણિક વર્ષ-૨૦૧૯-૨૦, વર્ષ-૨૦૨૦-૨૧ અને વર્ષ - ૨૦૨૧-૨૨ માં ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતાં તમામ વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો.

પરંતુ ચાલુ શૈક્ષણિક વર્ષ - ૨૦૨૨-૨૩માં પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૫ અને ધોરણ-૮માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ વાર્ષિક પરીક્ષામાં અસફળ થશે તો તેમણે નાપાસ જાહેર કરવામાં આવશે તેમ મંત્રીએ જણાવ્યું હતું.

વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, ધો. ૦૫ અને ધો.૦૮ની વાર્ષિક પરીક્ષામાં અસફળ રહેનાર વિદ્યાર્થીઓ નાપાસ થશે; સાથોસાથ નાપાસ થયેલા વિદ્યાર્થીઓને બે મહિનામાં ફરીથી પરીક્ષા આપવાની તક મળશે, પરંતુ જો વિદ્યાર્થીઓ ફરીથી નાપાસ થશે તો તેમને આગળના વર્ગમાં બઢતી આપવામાં આવશે નહીં. આ નિયમ ગુજરાતની તમામ શાળાઓમાં લાગુ આ વર્ષથી ચાલુ થઈ ગયો છે.

વધુમાં મંત્રીએ ઉમેર્યું કે, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અન્વયે આ નિર્ણયના અમલીકરણથી વિદ્યાર્થીઓની શીખવાની ક્ષમતામાં સુધારો તેમજ વિદ્યાર્થીઓના શૈક્ષણિક પ્રદર્શનમાં સુધારો કરવાની તક મળશે, જેથી વિદ્યાર્થીઓનો ભવિષ્ય ઊજળું બનશે તેમ મંત્રીએ વધુમાં જણાવ્યું હતું.

# રામનાથપરાથી સામાકાંઠાને જોડતો પુલ ફરી ભાંગી ગયો

## હજારો લોકોની અવરજવરવાળા રોડનું રીનોવેશન પાણીમાં ધરણા કરી કોંગ્રેસનો વિરોધ



રાજકોટ, તા. ૨૪

રામનાથપરામાં કપીલા હનુમાન સામેથી જતા અને ફરી ભાંગી પડેલા પુલ મામલે આજે ફરી કોંગ્રેસે ધરણા કર્યા છે. રીનોવેશનના એક વર્ષમાં આ પુલ ભાંગી પડતા લોકો ભારે હેરાન થઇ રહ્યાની ફરિયાદ કોંગ્રેસે કરી છે.

વોર્ડ નં.૭માં રામનાથપરાના કપિલા હનુમાન આગળ બેઠો પુલ સામા કાંઠાના હજારો લોકોની અવરજવર માટે ઉપયોગી છે. સરકારી કચેરીઓ સહિત મધ્ય રાજકોટમાં અહીંથી જઇ શકાય છે. પરંતુ પુલ ભાંગેલો હોય, આજે તુટેલા પુલ અંદર બેસીને કોંગ્રેસના આગેવાનોએ ધરણા કર્યા હતા.

ભૂતકાળમાં આ જ રીતે કોંગ્રેસ આગેવાન રણજીત મુંધવાએ ધરણા કર્યા હતા ત્યારે લાખોનું બજેટ ફાળવી નવા પુલને બદલે માત્ર ૩૦૦ના ભુંગળા કાઢી ૯૦૦ એમએમના ભુંગળાની વાત કરી માત્ર રીનોવેશન કરેલ હતું. એ રીનોવેશન માત્ર એક વર્ષમાં તુટી જતા ચોમાસામાં ભારે હાલાકી થઇ હતી. આ બાબત કોર્પોરેશનને ધ્યાનમાં ન આવતા લોકોના પ્રશ્નો આજે કોંગ્રેસ આગેવાન રણજીત મુંધવા, કોર્પોરેટર કોમલબેન ભારાઇ, ઓબીસી પ્રમુખ હાર્દિક રાજપુત આગેવાનીમાં કોંગ્રેસ દ્વારા તૂટેલા પુલમાં માં બેસી ધરણા કરવામાં આવ્યા હતા. આ તકે નિલેશ ગોહેલ, હરેશ બારાઈ, અલી અસગર સાકીર વગેરે જોડાયા હતા.

# રેસકોર્ષમાં આવેલ મહિલા ગાર્ડન પાસે સ્મશાન ગૃહમાં મોકલવાના લાકડા રાતોરાત કોઈ ભરી નીકળી ગયું!!





રાજકોટઃ રાજકોટમાં આવેલ મહિલા ગાર્ડન અંદર કે તેની આજુબાજુ ભેગા કરીને રાખવામાં આવેલા વૃક્ષોના લાકડાઓનો મોટો ઢગલો જે સ્મશાનગૃહમાં મોકલવામાં આવતો હોય તે કોઈ જાણભેદુ શખ્સ રાતોરાત ટ્રેક્ટર કે ટ્રક ભરીને ઉપાડી ગયા હોવાનું જાણવા મળે છે.

શહેરમાં કોઈપણ જગ્યાએ વૃક્ષ તૂટી પડે કે તોડવામાં આવે કે વાવાઝોડા સમયે વૃક્ષનું કટીંગ થઈ જાય કે કરવું પડે તેવા બધા વૃક્ષોના લાકડાઓ કોર્પોરેશનની બગીચા શાખા દ્વારા ભેગા કરીને રેસકોર્ષમાં મહિલા ગાર્ડન પાસે એકઠા કરવામાં આવે છે અને ત્યાંથી સ્મશાનગૃહને વિનામૂલ્યે મોકલવામાં આવતા હોય છે.

થોડા દિવસ પહેલા જ આવો જ એક લાકડાનો મોટો ઢગલો બગીચામાંથી કોઈ જાણભેદુ દ્વારા રાતોરાત ટ્રક કે ટ્રેક્ટર ભરીને ઉપાડી ગયા હોવાનો બનાવ બન્યો હોવાનું આધારભૂત વર્તુળમાંથી જાણવા મળે છે.

અત્રે એ ઉલ્લેખનીય છે કે, અગાઉ ચોમાસા દરમ્યાન પણ અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા તે બધા વૃક્ષોના લાકડા રેસકોર્ષમાં ભેગા કરીને સ્મશાનગૃહમાં મોકલવાના હતા તે લાકડા પણ રાજકોટ શહેરના કોઈપણ સ્મશાનગૃહમાં પહોંચ્યા નહીં હોવાનું અને બારોબાર વહીવટ થઈ ગયો હોવાનું ફરિયાદ ઉઠવા પામેલ હતી. રેસકોર્ષ કે તેની આજુબાજુના બગીચાઓ જેવા કે મહિલા ગાર્ડન સ્ટેડીયમ બધી જગ્યાએ સીસીટીવી કેમેરાઓ લગાવેલ છે તો મહિલા ગાર્ડન કે તેની બાજુમાં રાખવામાં આવેલ સ્મશાનગૃહમાં મોકલવાનો લાકડાનો આ ઢગલો કોને સગેવગે કરેલ છે તે તપાસ કરવામાં આવે તો સત્ય બહાર આવે.

કોર્પોરેશનના એક કર્મચારીએ આ લાકડાના ઢગલાના ફોટા પણ પાડયા હતા અને ત્યારબાદ બીજા કે ત્રીજા દિવસે જ લાકડાનો ઢગલો ઓચિંતાનો સગેવગે થઈ ગયો હોવાનું કહેવાય છે.

# તમારૂ કુરિયર મિસ થઈ ગયુ છે : લોકોને છેતરવા સાઈબર માફીયાઓનો નવો કિમીયો

## ક્યુઆર કોડ સ્કેન કરાવીને બેંક ખાતા ખાલી કરી લેવાની મોડસ ઓપરેન્ડી



નવી દિલ્હીઃ ડિજિટલ અરેસ્ટના વધતાં જતાં કિસ્સાઓ વચ્ચે, સાયબર સ્કેમર્સ તમારાં બેંક એકાઉન્ટને ખાલી કરવા માટે એક નવી રીત લઈને આવ્યાં છે. ખરેખર, સાયબર સ્કેમર્સ તમને છેતરપિંડીનો શિકાર બનાવવા માટે મોટી કુરિયર કંપનીઓનાં નામની મદદ લઈ રહ્યાં છે.

તેથી, જો તમને તમારાં વોટ્સએપ અથવા ઈમેઈલ પર કુરિયર કંપનીનાં નામે કોઈ સંદેશ મળ્યો છે, તો સાવચેત રહો.છેતરપિંડીનો શિકાર બનાવવા માટે, સાયબર સ્કેમર્સ લોકોને આવા સંદેશા મોકલી રહ્યાં છે કે તમારું કુરિયર મિસ થઈ ગયું છે અને તે ડિલિવર નથી થયું. તેને પુનપ્રાપ્ત કરવા માટે ક્યુઆર કોડ સ્કેન કરો. આવી સ્થિતિમાં, જો તમે સાવચેત નહીં રહો, તો તમારું બેંક ખાતું ખાલી થઈ શકે છે.

સાયબર સ્કેમર્સ હવે મોબાઈલ પર મેસેજ મોકલી રહ્યાં છે, જેમાં લખ્યું હોય છે કે માફ કરશો તમારું કુરિયર મિસ થઈ ગયું છે. આ પછી એવું પણ લખવામાં આવ્યું છે કે કુરિયર કંપનીએ તમારો સંપર્ક કર્યો હતો, પરંતુ તમારાં ઘર કે ઓફિસમાંથી કોઈએ દરવાજો ખોલ્યો ન હતો કે કોઈએ કુરિયર ઉપાડ્યું ન હતું. આ કુરિયરને ફરીથી પ્રાપ્ત કરવા માટે, તમારે આ પગલાંઓનું પાલન કરવું પડશે, આ સંદેશમાં એક ક્યુઆર કોડ પણ આપેલો હોય છે, જેને સ્કેન કરવા માટે કહેવામાં આવે છે. તમે ક્યુઆર કોડ સ્કેન કરતાની સાથે જ તમે કંપનીની નકલી સાઈટ પર પહોંચી જાઓ છો. આ પછી તમારી પાસે સામાનની ડિલિવરી માટે કેટલીક અંગત માહિતી માંગવામાં આવે છે. આમાં, કુરિયરને ફરીથી શેડ્યૂલ કરવા માટે પૈસા ચૂકવવાનું કહેવામાં આવે છે. આ સિવાય સાયબર સ્કેમર્સ પણ લોકોને મેસેજ મોકલીને લિંક પર ક્લિક કરવાનું કહે છે.

# ખેડૂતોને યોગ્ય વળતર મળે તે માટે વચેટીયાઓને દૂર કરો

અંકલેશ્વરઃદેશભરમાં રાષ્ટ્રીય ખેડૂત દિવસ દર વર્ષે ૨૩ ડિસેમ્બરે ઉજવવામાં આવે છે. રાષ્ટ્રીય ખેડૂત દિવસ પૂર્વ પ્રધાનમંત્રી ચૌધરી ચરણ સિંહની જયંતીનું પણ પ્રતિક છે. . વર્તમાન સમયમાં પેઢી દર પેઢી ખેતી કરતા ખેડૂતો હવે આગામી વર્ષમાં પોતાની ખેતી આગળ વધશે કે કેમ તેની ચિંતા સતાવી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોથી સતત કુદરતી આફતો માં વધારો થઇ રહ્યો છે. ક્યારેક પૂર તો ક્યારેક કમોસમી વરસાદ તો ક્યારે ધુમસ્સથી પાકને નુકસાન થઇ રહ્યું છે. જે આફતો સામે ઝઝૂમી પુનઃ ખેતી તરફ ખેડૂત આગળ વધે છે. મહામહેનતે પાક જયારે ઉભો થાય છે ત્યારે યોગ્ય ભાવ મળતો નથી. ખેડૂતો પાસેથી ઉગેલો પાક બજારમાં પહોંચતા બમણો ભાવ થઈ જાય છે પણ ખેડૂત ગ્રાહક વચ્ચે આવતા દલાલ, કમિશન એજન્ટ ને લઇ આજે પણ ખેડૂતોને યોગ્ય પોષણ ક્ષમ્ય ભાવ મળી નથી રહ્યો. વધુ મહેનત કરવા છતાં યોગ્ય વળતર ના મળતા આગામી પેઢી ધીરે ધીરે ખેતી થી અલિપ્ત થઈ રહી છે.

# રાજયકક્ષાની પાંચમી સ્પર્ધામાં વિવિધ જિલ્લાનાં ૩૫૨ સ્પર્ધકોએ કૌવત બતાવ્યું

## ઓસમ આરોહણ – અવરોહણ સ્પર્ધામાં જૂનો રેકોર્ડ તૂટયોઃ ભાઈઓમાં બારૈયા પિયુષ, બહેનોમાં બાવળીયા ત્રિશા પ્રથમ સ્થાને વિજેતા






રાજકોટ,તા.૨૪

ઓસમ ડુંગરની ગોદમાં કડકડતી ઠંડીમાં આજે વહેલી સવારે ઉમંગ અને ઉત્સાહ સાથે પાંચમી ઓસમ આરોહણ - અવરોહણ સ્પર્ધાનો ધારાસભ્યશ્રી ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ લીલી ઝંડી દ્વારા શુભારંભ કરાવ્યો હતો. આ સ્પર્ધામાં વિવિધ સાત જિલ્લાના ૩૫૨ સ્પર્ધકોએ ભાગ લીધો હતો. ૨૦ વિજેતાઓને રૂ.૨.૩૪ લાખના ઈનામથી મહાનુભાવોએ સન્માનિત કર્યા હતા.

યુવા અને સાંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ - ગાંધીનગર અને રાજકોટ જિલ્લા વહીવટી તંત્રના ઉપક્રમે પાંચમી ઓસમ આરોહણ - અવરોહણ સ્પર્ધા''નું આયોજન કરાયુ હતું, આ સ્પર્ધામાં ભાઈઓમાં ૯.૧૩ મિનિટ સાથે બારૈયા પિયુષ પ્રથમ ક્રમાંકે તેમજ બહેનોમાં ૧૨.૭ મિનિટ સાથે પ્રથમ ક્રમાંકે બાવળીયા ત્રિશા વિજેતા થયા હતા. પાટણવાવ ખાતે ઓસમ ડુંગર ઉપર આવેલાં માત્રી માતાના મંદિરથી ટપકેશ્વર મહાદેવ થઈ તળેટીએ સ્પર્ધકો પરત પહોંચ્યા હતા.

આ તકે ધારાસભ્યશ્રી ડો. મહેન્દ્રભાઈ પાડલીયાએ ભાગ લેનાર સ્પર્ધકોને અભિનંદન અને વિજેતાને ઈનામ વિતરણ કરી જણાવ્યું કે, '' કોઈપણ સ્પર્ધામાં ભાગ લેવો એ સ્પર્ધા જીતવા બરાબર જ હોય છે.

ત્યારે આજે ઓસમ ડુંગરમા યોજાયેલ પાંચમી આરોહણ અવરોહણ સ્પર્ધામા વિજેતા સ્પર્ધકોને રાજ્ય સરકાર પ્રોત્સાહિત કરે છે અને વિજેતા સ્પર્ધકો આગામી તા.૫ જાન્યુઆરીના રોજ ગીરનાર ખાતે યોજાનાર સ્પર્ધામા ભાગ લઈ શકશે તેમ ધારાસભ્યશ્રીએ ઉમેર્યુ હતુ. જેમાં રાજ્યના રાજકોટ, જુનાગઢ, ગીર-સોમનાથ, મોરબી, સુરેન્દ્રનગર, ભાવનગર, બોટાદ, જામનગર એમ કુલ ૮ જિલ્લામાંથી ૧૪ થી ૧૮ વર્ષના ૧૯૭ ભાઈઓ તથા ૧૫૫ બહેનો સહિત ૩૫૨ ખેલાડીઓએ ભાગ લીધો હતો.

ખેલાડીઓને ચેસ્ટ નંબર આપી રેડિયો ફ્રિક્વન્સી આઈડેન્ટીફિકેશન ચીપ સીસ્ટમ સાથે સ્પર્ધાનું પરિણામ તૈયાર કરવામાં આવ્યું હતું. તેમજ સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત કોચિંગ મેન્યુઅલ ટાઈમિંગની પણ મદદ લેવામાં આવી હતી. સ્પર્ધાનુ આયોજન તથા સ્પર્ધકોનો ઉત્સાહ વધારવા માટે શિક્ષકો, વ્યાયામ શિક્ષકો, કોચ, સ્વયંસેવકો, વિદ્યાર્થીઓ, ગ્રામજનો જોડાયા હતા.

રાજ્ય સરકાર દ્વારા સ્પર્ધામાં પ્રથમ નંબરે વિજેતા ને રૂ. ૨૫ હજાર, દ્વિતિય નંબરને રૂ.૨૦ હજાર, તૃતિય નંબરને રૂ. ૧૫ હજાર એમ કુલ મળી ૧ થી ૧૦ નંબર સુધી વિજેતા થયેલ ખેલાડીઓને કુલ રૂ.૨.૩૪ લાખના ઈનામો, પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરી સ્પર્ધકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. સ્પર્ધાનું સંચાલન હારૂનભાઈ વિહળે કર્યુ હતું.

# રમતગમત, યુવા અને સાંસ્કૃતિક વિકાસ વિભાગ અને સેવ કલ્ચર, સેવ ભારત ફાઉન્ડેશન દ્વારા સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર સમારોહ યોજાયો

## સાંસ્કૃતિક મૂલ્યોના રક્ષણ માટે લડી રહેલા યોદ્ધાઓને પ્રોત્સાહનથી અન્ય સમાજસેવકો પ્રેરિત થશે



રાજકોટઃસંસ્કૃતિ, સદાચાર અને સામાજિક મૂલ્યો માટે અનન્ય યોગદાન આપનાર વિવિધ ક્ષેત્રના ૮ વ્યક્તિવિશેષને સુરત ખાતે 'ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર' ગુજરાતનાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં હસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો.

ગુજરાતનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતુ કે, ''સમાજમાં દૂષણ ફેલાવનાર તત્વોની અસામાજિક પ્રવૃત્તિઓને મૂકદર્શક બનીને જોવાના બદલે હકારાત્મકતા ફેલાવીને કાઉન્ટર એટેક કરવો જરૂરી છે. સોશ્યલ મીડિયા પ્રભાવી બન્યું છે, પરંતુ નકારાત્મકતા સામે હકારાત્મક બનીને સાંસ્કૃતિક મૂલ્યોના મૂળ પર હુમલો કરનારા લોકો સામે લડવું અને સાથે સાથે સમાજને પણ જાગૃત્ત કરવો જરૂરી છેરાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા 'સેવ કલ્ચર, સેવ ભારત ફાઉન્ડેશન'ની પ્રેરણાથી સુરતની વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કન્વેન્શન હોલમાં આયોજિત એવોર્ડ સમારોહમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે સાંસ્કૃતિક ચેતના અને રાષ્ટ્રભાવનાથી મૂલ્યનિષ્ઠ સમાજનું નિર્માણ કરવામાં ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર સર્વશ્રી સાંવરપ્રસાદ રામપ્રસાદ બુધીયા, સુધા કાકડિયા નાકરાણી, નંદકિશોર શર્મા, કેશવભાઈ ગોટી, ગીતાબેન શ્રોફ, તરૂણ મિશ્રા, કોમલબેન સાવલિયા અને પ્રતિભા દેસાઈ (વકીલ)ને 'ગુજરાત સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કાર'થી સન્માનિત કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તેમજ રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી હર્ષ સંઘવીએ પુરસ્કારની સાથે પ્રત્યેક સમાજ સેવકને રૂ.૧ લાખનો રોકડ પુરસ્કાર, પ્રશસ્તિપત્ર અને સ્મૃતિ ચિહ્ન અર્પણ કર્યા હતા.

સંસ્કૃતિની રક્ષા માટે ઉમદા કામગીરી કરી રહેલા વ્યક્તિવિશેષોને સાંસ્કૃતિક યોદ્ધા પુરસ્કારથી સન્માનિત કરતા આનંદની લાગણી વ્યક્ત કરતા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, યુવાધનને સાચી દિશા આપવા અને દૂષણોને નાથવા જરૂરી છે. નવી શિક્ષણ નીતિમાં મૂલ્યનિષ્ઠ શિક્ષણને મહત્વ આપવામાં આવ્યું છે.

સામના મિરર (દૈનિક) તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : રાજેશ ઉદયકુમાર બગડાઈ
મુદ્રણ અને પ્રકાશન સ્થાન : સામના મિરર પ્રિન્ટર્સ, જય ભવાની, ચુનારાવાડ શેરી નં.૫, શાક માર્કેટ પાસે, રાજકોટ ૩૬૦૦૦૭

# વીજળીના ફ્યુલ ચાર્જમાં યુનિટ દીઠ ૪૦ પૈસાનો નજીવો ઘટાડો

ગુજરાત સરકારે પ્રજાને રાહત આપતો નિર્ણય કર્યો છે. રાજ્યના ઊર્જા મંત્રી કનુ દેસાઈએ પત્રકાર પરિષદ યોજી ફ્યુલ ચાર્જમાં યુનિટ દીઠ ૪૦ પૈસાનો ઘટાડો કર્યો હોવાની જાહેરાત કરી છે. ઑક્ટોબર ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪માં વસૂલાત પાત્ર ફ્યુલ સરચાર્જમાં ૪૦ પૈસાનો ઘટાડો કરવામાં આવ્યો છે, જે બીજો સુધારો ના થાય ત્યાં સુધી ચાલુ રહેશે.

આ દરમિયાન તેમણે કહ્યું કે, ફ્યુલ સરચાર્જમાં ૪૦ પૈસાના ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને ઑક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન કરાયેલા વીજ વપરાશ પર આશરે રૂ.૧,૧૨૦ કરોડનો લાભ થશે.

ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા મંજૂર કરાયેલા ફ્યુલ સરચાર્જની ફોર્મ્યુલા મુજબ એપ્રિલ-૨૦૨૪થી સપ્ટેમ્બર ૨૦૨૪ના સંબંધિત ત્રિમાસિક સમયગાળામાં વીજ બળતણના ભાવોમાં થયેલા ફેરફાર મુજબ રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટ



ફ્યુલ સરચાર્જ (FPPPA) વસૂલાતો હતો.

આ અંગે કનુ દેસાઈએ વધુમાં કહ્યું કે, ઑક્ટોબર ૨૦૨૪થી ડિસેમ્બર ૨૦૨૪ના પ્રવર્તમાન ત્રિમાસિક સમયગાળામાં પણ રૂ. ૨.૮૫ પ્રતિ યુનિટના દરે ફ્યુલ સરચાર્જ(FPPPA)ની વસૂલાત કરાય છે. રાજ્ય સરકાર હસ્તકની વીજ વિતરણ કંપનીઓ દ્વારા ચાલુ વર્ષ દરમિયાન અસરકારક રીતે ફ્યુલ સરચાર્જના દર જાળવી રાખ્યો છે.

રાજ્ય સરકારનો દાવો છે કે, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન યોગ્ય અને કાર્યક્ષમ વીજ ખરીદીના સંચાલન અને સ્થિર વીજ ખરીદના દરને ધ્યાને લઈ ગ્રાહકોના હિતમાં ફ્યુલ સરચાર્જના દરમાં પ્રતિ યુનિટ ૪૦ પૈસાનો ઘટાડો કર્યો છે. જે મુજબ પહેલી ઑક્ટોબર ૨૦૨૪થી પ્રવર્તમાન ત્રિમાસિક ગાળામાં કરેલા વીજ વપરાશ ઉપર ગ્રાહકોને પ્રતિ યુનિટ ૪૦ પૈસાનો લાભ થશે. જો કે, સામાન્ય લોકોનું કહેવું છે કે, આ ગ્રાહકોના હિતના દાવા પોકળ છે, ૪૦ પૈસાનો ઘટાડો મોંઘવારીથી પીડાતી પ્રજાની મજાકથી વિશેષ કશું નથી.

કનુ દેસાઈએ કહ્યું કે, ઑક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ના સમયગાળામાં ફ્યુલ સરચાર્જનો દર રૂ. ૨.૮૫થી ઘટાડીને રૂ. ૨.૪૫ પ્રતિ યુનિટના દરની વસૂલાત કરાશે. ફ્યુલ સરચાર્જમાં ૪૦ પૈસાના ઘટાડાના પરિણામે રાજ્યના અંદાજે ૧.૭૫ કરોડ ગ્રાહકોને ઑક્ટોબરથી ડિસેમ્બર ૨૦૨૪ દરમિયાન કરેલા વીજ વપરાશ પર આશરે રૂ ૧૧૨૦ કરોડનો લાભ થશે. આ ઉપરાંત જે રહેણાક ગ્રાહકો દ્વારા માસિક ૧૦૦ યુનિટનો વીજ વપરાશ કરાય છે, તેવા કિસ્સામાં ઉપરોક્ત ફ્યુલ સરચાર્જના ઘટાડાને પરિણામે અંદાજે રૂ ૫૦થી ૬૦ની માસિક બચત થશે.ઉલ્લેખનીય છે કે લોકસભા ચૂંટણી પહેલા ગુજરાત સરકારે જાન્યુઆરીથી માર્ચના ફ્યુલ સરચાર્જમાં ૫૦ પૈસાનો ઘટાડો કર્યો હતો. ઑક્ટોબરથી ડિસેમ્બર દરમિયાન રાજ્ય હસ્તકની વીજ વિતરણ કંપની દ્વારા ગ્રાહકો પાસેથી રૂપિયા ૩.૩૫ પ્રતિ યુનિટનો ફ્યુલ સરચાર્જ(FPPPA) વસૂલાતો હતો. જો કે ત્રિમાસિક ગાળાની સરખામણીએ ફ્યુલ સરચાર્જમાં ૫૦ પૈસાનો ઘટાડો કરાયો હતો.

# ગુજરાતમાં માથાદીઠ વિજ વપરાશ દેશની સરેરાશથી ડબલઃ ૯૬ ટકા ગામોમાં દિવસે કૃષિ વિજળી

## છેલ્લા ૧૦ વર્ષમાં દર સાલ સરેરાશ ૧ લાખ ખેતી વિજ જોડાણ અપાયાઃ ઉર્જા મંત્રી

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં ખેડૂતો માટે વિજ સમસ્યા ભૂતકાળ બની જ ગઈ છે. હવે ખેડૂતોને દિવસે પણ વિજળી અપાય છે. રાજ્યના ૯૬ ટકા ગામોને કિસન સૂર્યોદય યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા છે. રાજ્યમાં ખેતીવાડી વિજ જોડાણ ધરાવતા ૧૯૧૯૩ પૈકી ૧૬૫૬૧ ગામોમાં દિવસે વિજળી આપવાનું શરુ થઇ ગયાનું રાજ્યના ઉર્જામંત્રી કનુભાઇ દેસાઇએ જાહેર કર્યું હતું.ઉર્જા મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, “કિસાન સૂર્યોદય યોજના“ અંતર્ગત ૯૬ ટકા ગામના ખેડૂતોને દિવસે વીજળી મળી રહી છે. જેમાં બાકી રહેતા ૪ ટકા ગામો પૈકી મોટા ભાગના ગામો દેવભૂમિ દ્વારકા, કચ્છ અને બનાસકાંઠા જિલ્લાના છે. આ બાકી રહેલા ૬૩૨ જેટલા ગામના ૧,૫૫,૪૦૧ જેટલા ખેડૂતોને એટલે કે ૪ ટકા ગામના ખેડૂતોને પણ સત્વરે દિવસે વીજળી આપી શકાય તે માટેની કામગીરી પ્રગતિમાં છે દિવસે વીજળી મેળવી રહેલા ૧૬,૫૬૧ ગામના ખેડૂતો પૈકી ૧૧,૯૨૭ ગામના ખેડૂતોને સિંગલ શિફ્ટમાં સવારે ૮ થી સાંજના ૪ અને સવારે ૯ થી સાંજના ૫ વાગ્યાના સમય દરમિયાન દિવસે વીજળી આપવામાં આવે છે તથા ૪,૬૩૪ ગામના ખેડૂતોને બે શિફ્ટમાં એટલે કે સવારે ૫ થી બપોરના ૧ અને બપોરના ૧ થી સાંજે ૯ વાગ્યા સુધી દિવસે વીજળી આપવામાં આવી રહી છે. છેલ્લા દાયકામાં ખેડૂતોને ૧૦ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે, એટલે કે વર્ષે સરેરાશ ૧ લાખ જેટલા નવા ખેતીવાડી વીજ જોડાણો આપવામાં આવ્યા છે. હાલમાં નવીન ખેતીવાડી વીજ જોડાણ આપવામાં કોઈ પણ જાતનો વાંધો કે વિરોધ ન આવે તો ૩-૪ મહિનામાં વીજ જોડાણ આપી દેવામાં આવે છે.

ઊર્જા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતનો સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૨,૨૩૮ યુનિટ છે જે દેશની સરેરાશ માથાદીઠ વીજવપરાશ ૧,૨૫૫ કરતાં લગભગ બમણા જેટલો છે, જે રાજ્યના વિકાસને પ્રતિબિંબિત કરે છે.

# રાજકોટના ૧૫થી વધુ વિસ્તારોમાં અશાંતધારો લાગુ પાડવા પ્રાંત કચેરી દ્વારા કલેકટરને રિપોર્ટ સોંપાયો

## રેલનગર, લક્ષ્મીનગર, પોપટપરા, સોનીબજાર સહિતના વિસ્તારોને અશાંતધારા હેઠળ આવરી લેવા ગતિવિધીઓ તેજ

**પોલીસનો અભિપ્રાય મેળવાયા બાદ કલેકટર દ્વારા રાજ્ય સરકારમાં મોકલાશે, દરખાસ્ત વિરાણી હાઈસ્કૂલની જમીનના મામલે પણ હવે પ્રાંત અધિકારી દ્વારા હવે ત્રણથી ચાર દિવસમાં ચૂકાદો**



રાજકોટ,તા.૨૫

રાજકોટના ૧૫થી વધુ વિસ્તારોમાં અશાંતધારો લાગુ પાડવા માટે વહીવટી તંત્ર દ્વારા ગતિવિધીઓ તેજ કરી દેવામાં આવી છે. આ અંગે પ્રાંત કચેરી દ્વારા કલેકટર પ્રભવ જોશીને રિપોર્ટ સોંપી દેવામાં આવેલ છે.

કલેકટર કચેરીના સુત્રોએ જણાવ્યું હતું કે, શહેરના રેલનગર, લક્ષ્મીનગર, પોપટપરા, સોનીબજાર, પ્રહલાદ પ્લોટ, ગુંદાવાડી, રાધાનગર, કૃષ્ણનગર, રાજનગર સહિતના વિસ્તારોને અશાંતધારા હેઠળ આવરી લેવા માટે પ્રાંત કચેરી દ્વારા રિપોર્ટ સાથેની ફાઈલ કલેકટર પ્રભવ જોશી સમક્ષ રજૂ કરી દેવામાં આવી છે.

હવે પોલીસનો અભિપ્રાય મેળવાયા બાદ કલેકટર દ્વારા આ અંગેની દરખાસ્ત રાજ્ય સરકાર અને ગૃહ વિભાગને મોકલી દેવામાં આવનાર છે. અહીં એ ઉલ્લેખનીય છે કે તાજેતરમાં ધારાસભ્ય ડો.દર્શીતા શાહ દ્વારા રાજકોટ પશ્ચિમ વિસ્તારમાં અશાંત ધારાનો ભંગ થઈ રહ્યાની કલેકટર સમક્ષ ફરિયાદ કરવામાં આવી હતી.

જેમાં સુભાષનગર સહિતના કેટલાક વિસ્તારોમાં મુસ્લિમ સમાજના કેટલાક સદસ્યો હિન્દુ સમાજની વ્યકિતઓના નામે મકાન ખરીદી વસવાટ કરી રહ્યાની પણ ફરિયાદ ઉઠાવી આ મામલે તપાસની માંગણી કરી હતી.

જેના પગલે પોલીસ તંત્ર દ્વારા આ વિસ્તારમાં ડોર ટુ ડોર તપાસણી કરવામાં આવી હતી. જે બાદ ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાએ પણ વેપારીઓ સાથે કલેકટર કચેરી ખાતે દોડી આવી વોર્ડ નં.૭,૮ અને ૧૪માં અશાંતધારો લાગુ કરવા કલેકટર સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી.

આમ અશાંતધારાના મામલે બે-બે ધારાસભ્યોની રજૂઆત બાદ કલેકટર દ્વારા પ્રાંત અધિકારીઓ પાસેથી તાબડતોબ રિપોર્ટ મંગાવવામાં આવેલ હતો. જે બાદ હવે શહેરના ૧૫થી વધુ વિસ્તારોને અશાંત ધારા હેઠળ આવરી લેવા માટેનો રિપોર્ટ કલેકટર પ્રભવ જોશીને સોંપી દેવામાં આવેલ છે. હવે પોલીસતંત્રનો અભિપ્રાય મળ્યા બાદ કલેકટર દ્વારા રાજ્ય સરકાર અને ગૃહ વિભાગમાં દરખાસ્ત મોકલાશે જયાંથી આખરી મંજૂરી મળ્યે શહેરના ૧૫થી વધુ વિસ્તારોમાં અશાંત ધારો લાગુ કરી દેવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

દરમિયાન કલેકટર પ્રભવ જોશી પણ આજે એકાએક ગાંધીનગર દોડી ગયા છે તેઓ પણ આ મામલે ઉચ્ચકક્ષાએ ચર્ચા કરનાર હોવાનું મનાઈ રહ્યું છે. આ ઉપરાંત વિરાણી હાઈસ્કૂલની જમીનના મામલે પણ પ્રાંત કચેરી દ્વારા હવે બે ત્રણ દિવસમાં જ ચૂકાદો જાહેર કરવામાં આપવામાં આવનાર હોવાનું જાણવા મળ્યું છે.

## રાજકોટ મહાનગરપાલિકાના અધિકારીઓ-કર્મચારીઓ માટે ત્રણેય ઝોનમાં હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



રાજકોટઃ દરેક વ્યક્તિ માટે આયુર્વેદિક સુખાકારી અને વ્યક્તિગત સ્વાસ્થ્ય સંભાળનો એક મહત્વપૂર્ણ ભાગ છે. આ મૂલ્યાંકન વ્યક્તિના આંતરિક શારીરિક અને મનોવૈજ્ઞાનિક બંધારણ (પ્રકૃતિ)ની વિગતવાર સમજ પૂરી પાડે છે, જે તેમના સ્વાસ્થ્ય અને સુખાકારીને શ્રેષ્ઠ બનાવવામાં મદદ કરી શકે છે. આ માટે ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ રીસર્ચ હોસ્પિટલની ટીમના પ્રેક્ટિશનરો દ્વારા હેલ્થ ચેકઅપ કરી ખાનપાનની અનુકૂળ આરોગ્ય અને જીવનશૈલી યોજનાઓ બનાવવામાં મદદ કરશે. રાજકોટ મહાનગરપાલિકાના તમામ સ્ટાફનું હેલ્થ ચેકઅપ કરાવવા બાબતે ત્રણેય ઝોનના મીટીંગ હોલમાં ઝોન વાઈઝ આજ તા.૨૪/૧૨મંગળવારના રોજ સવારે ૧૦:૩૦ થી ૦૧૦૦ કલાક દરમ્યાન હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવેલ.આ કેમ્પમાં રાજકોટ મહાનગરપાલિકાના ત્રણેય ઝોનમાં ૧૨૫૯ અધિકારીઓ-કર્મચારીઓ પોતાનું હેલ્થ ચેકઅપ કરાવ્યું હતું. આ કેમ્પમાં ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદ રીસર્ચ હોસ્પિટલની ટીમ દ્વારા અધિકારીઓ-કર્મચારીઓનું જનરલ હેલ્થ ચેકઅપ, પ્રકૃતિ પરીક્ષણ અને નાડી પરીક્ષણ કરવામાં આવેલ.

## સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૪ (રૈયા)માં દસ્તાવેજના સ્લોટ વધારવા રેવન્યુ પ્રેકટીસનર્સ એસો.ની રજુઆત

### ૧૦ દિવસનું વેઈટિંગ, વિદેશમાં રહેતા પક્ષકારો માટે મોટી હેરાનગતિઃ મિલ્કતોના સોદા અટકી પડવાની સંભાવનાઃ તત્કાલ સ્લોટ વધે તેવી માંગ

રાજકોટ, તા.૨૪

રાજકોટ રેવન્યુ પ્રેકટીશનર્સ એસો.એ આજે મદદનીશ નોંધણી સર નિરીક્ષક અજયકુમાર ચારેલને રજુઆત કરી સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૪ (રૈયા)માં દસ્તાવેજનાસ્લોટ વધારવા માંગ કરી છે.

રજુઆત નોંધણી સર નિરીક્ષક અને સુપ્રી. ઓફ સ્ટેમ્પ,સ્ટેમ્પ અને નોંધણી ભવન, દિનદયાળ મોજણી ભવન કેમ્પસ, ગાંધીનગરને સંબોધીને કરાઈ છે. જેમાં જણાવ્યું હતું કે, રાજકોટ મુકામે સબ રજીસ્ટ્રાર કચેરી ઝોન-૪(રૈયા) આવેલ છે. જેમાં મોર્ગેજ ડીડ/રીકધવેપન્સ ડીડ સીવાયના અન્ય તમામ દસ્તાવેજો રજીસ્ટ્રેશન કરાવવા



માટે આજે તા.૫/૦૧/૨૦૨૫ મળે છે. આમ ૧૦ (દસ) દિવસનું વેઈટીંગ છે.

જેના કારણે પક્ષકારોને દસ્તાવેજો રજીસ્ટ્રર કરાવવા માટે ખુબ જ મુશ્કેલી પડી રહી છે. હાલ ડીસેમ્બર મહીનો ચાલતો હોય ઘણા બધા એન.આર.આઈ. વ્યક્તિઓ પણ હાલ દસ્તાવેજ માટે આવેલ છે. તેમને સમયમર્યાદાની અંદર પરત જવાનું હોય આ વેઈટીંગ પીરીયડને કારણે તેઓ પણ મિલ્કત સમયમર્યાદામાં ખરીદ/વેંચાણ કરી શકતા નથી. ઘણા પક્ષકારોના ખરીદ/વેંચાણના વ્યવહારો સમયમર્યાદાના કારણે કોઈપણ જાતના વ્યાજબી કારણ ન હોવા છતાં રદ થઈ રહેલ છે. તેના કારણે તેઓ પણ તેઓની મીલ્કત ખરીદ વેચાણ કરી શકતા નથી.

જે લોકોએ બેંકની લોનની પ્રોસેસ પુરી કરીને મિલ્કત ખરીદ કરવા નકકી કરેલ છે. તેઓને બેંકે તારીખ સાથેના લોનની રકમના ચેક પણ ઈશ્યુ કરી દીધેલ છે. તે પણ આ ઝોનમાં એપોઈન્ટમેન્ટ ન મળતી હોવાના કારણે રદ થઈ રહ્યા છે. તેને કારણે પણ અરજદારોને મુશ્કેલી પડી રહી છે. તદઉપરાંત આ બીનજરૂરી ડીલેને કારણે પણ સરકારને આવકમાં ઘણુ મોટુ નુકશાન થઈ રહ્યું છે.


# દીપડો અને નાના બચ્ચા કોઈ જાનમાલને નુકશાન કરે તે પહેલા ફોરેસ્ટ વિભાગ પાંજરે પુરી તેવી ગ્રામજનોની માંગણી

### બરડા પંથકમાં ખાંભોદર- કિંદરખેડા ગામની સીમમાં દીપડા સાથે નાના બચ્ચાના આંટા-ફેરા થી ગ્રામજનો માં ભયનો માહોલ

ગોસા(ઘેડ): પોરબંદર તાલુકાના બરડા વિસ્તારના ખાંભોદર ગામે બે ત્રણ દિવસથી ગઈ અચાનક દિપડા સાથે બે થી ત્રણ નાના બચ્ચા સાથે ગામની કરાર સીમ વિસ્તારમાં આવી દેખા દેતાં ગ્રામજનોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

બરડા ડુંગરમાં વસવાટ કરતા દિપડા અવાર-નવાર ગ્રામ્ય વિસ્તારોમાં પહોંચી જાય છે અને પશુઓનાં મારણ કરે છે. ત્યારે પોરબંદરનાં બરડા વિસ્તારના ખાંભોદર ગામે અને ત્રણેક દિવસથી દીપડો અને સાથે નાના નાના બે થી ત્રણ બચ્ચાઓ સાથે સીમ વિસ્તારમાં આંટા ફેરા વધી જતા ગ્રામજનો અને ખેડૂતો માં ભારે ભયોનો માહોલ છવાઈ ગયો છે.

સીમ વિસ્તારમાં કોઈ ખેડૂતના માલ ઢોર નું કે માણસને હેરાન કરે યા મરણ કરે તે પહેલા વન



વિભાગના સતાવાળાઓ સત્વરે પગલાં ભરી પિંજરાં ગોઠવી પકડી પાડવાની કવાયત હાથ ધરે તેવી ખાંભોદર સહીત બરડા પંથકના ગ્રામજનોની બુલંદ માંગ ઉઠી છે.

તા. ૨૩/૧૨/૨૦૨૪ ના રોજ સાંજના ૮ વાગ્યાના અરસામાં ખાંભોદર અને કિંદર ખેડા ગામની સીમ ઢવા વિસ્તારમાં વાછરડાં, માલ ઢોર ભાંભરડા કરતાં હતાં તે બાજુ ગ્રામજનો અને ખડુતો એ હાથ બતી થી લાઈટ કરતા પુખ્ત વયનો મોટો દીપડો અને નાના નાના બે બચ્ચા નજરે પડતાં હકોટા પડકારા કરી અને લાઈટો મારતાં દીપડો અને બચ્ચા રાત્રીના નાચી ગ્યા હતા. આમ આજે ૮ વાગ્યે રાત્રીના ખાંભોદર અને કિંદરખેડા ગામ વચ્ચે ગ્રામજનોની જાગ્રુતતાને કારણે પશુઓ કે માલ ઢોરનું દીપડાના મારણમાંથી આબાદ બચી જવા પામેલ. ખાંભોદર ગામમાં પ્રવેશેલ દીપડા અંગેની જાણ ગામના જાગુત સરપંચ ઓઘડભાઈ ગોઢાણીયા ને થતાં તુરંત જ તેઓએ ગ્રામજનો ને જાણ કરી વાડા-સીમ વિસ્તારમાં લોકોને તેમજ તેમના પશુઓને/બાળકો દીપડો નુકશન ન કરે તે માટે સાવચેત રહેવા અને તકેદારી રાખવા અપીલ કરી છે.

ત્યારે ખાંભોદર ગામે બે થી ત્રણ દિવસ થયા ગામની સીમમાં રાની પશુ દીપડાના અગમન થતાં ખાંભ દરવાસીઓમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

# ગોંડલ માર્કેટીંગ યાર્ડના ચેરમેન અલ્પેશ ઢોલરીયાએ ખેડૂતોના પ્રશ્નો બાબતે કૃષિમંત્રીને કરી રજુઆત

### ડુંગળીના પોષણક્ષમ ભાવ સહિત વિવિધ મુદાઓ અંગે કરાઈ રજૂઆત


ગોંડલઃ સૌરાષ્ટ્રનું અગ્રીમ ગણાતું ગોંડલ માર્કેટીંગ યાર્ડના ચેરમેન અલ્પેશભાઇ ઢોલરીયાએ ખેડૂતોના વિવિધ પ્રશ્નો બાબતે કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલને રજૂઆત કરી હતી. તેઓએ જણાવ્યું હતુ કે, હાલ સરકાર દ્વારા ટેકાના ભાવે જે મગફળીની ખરીદી કરવામાં આવે છે તેમાં એક બારદાનમા ૩૫ કિગ્રાની મર્યાદામા મગફળી ખરીદવામાં આવે છે પરંતુ કમોસમી વરસાદના લીધે પાકને ખૂબ નુકશાન જતા મગફળીની ખરીદી ૩૨ કિગ્રા કરવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી હતી. બીજી તરફ ડુંગળીની પુષ્કળ આવક થઈ છે, ત્યારે બજારભાવ પોષણક્ષમના મળતા હોય ત્યારે



સરકાર ખેડુતો પ્રત્યે રહેમેરાહ રાખીને બાંગ્લાદેશ નિકાસ થતી ડુંગળીની કસ્ટમ ડ્યુટી ઘટાડે જેથી ખેડુતોને વ્યાજબી બજારભાવ મળી રહે તેવી પણ કૃષિમંત્રીને લેખિતમા રજૂઆત કરવામાં આવી હતી. આપના સુપ્રસિદ્ધ અખબારમાં ઉપરોક્ત પ્રેસ-નોટ શહેર/જીલ્લામાં પ્રસિદ્ધ કરવા નમ્ર વિનંતી

# ક્રિસ્ટલ મોલમાં શોરૂમ સીલ કરતી ટેક્સ બ્રાંચ

### બીજી દુકાનમાંથી રીકવરીઃ મોચી બજારમાં પણ સીલીંગઃ બે નળ જોડાણ કપાયા



રાજકોટ, તા. ૨૪

મ્યુનિ. કોર્પોરેશનની વેરા વસુલાત ઝુંબેશમાં આજે પણ ફરી માત્ર બે મિલ્કત સીલ કરવામાં આવી હતી તો બે જળ જોડાણ કાપવામાં આવ્યા હતા. વોર્ડ નં.૧૦માં કાલાવડ રોડ પર ક્રિસ્ટલ મોલમાં ત્રીજા માળે એક મિલ્કતને સીલ મારી દેવાયું હતું.

તો પ્રથમ માળેથી એક લાખની રીકવરી થઇ હતી. વોર્ડ નં.૩માં મોચીબજારમાં આવેલા ગોકુલ કોમ્પ્લેક્ષમાં પણ એક મિલ્કતને સીલ મરાયું હતું અને એકમાં ચેક જમા થયો હતો. વોર્ડ નં.૫ના કુવાડવા રોડ અને પેડક રોડ પર એક-એક નળ કનેકશન કાપવામાં આવ્યા હતા.

વોર્ડ નં.૧ના શાસ્ત્રીનગર, વોર્ડ નં.૨ના સદર, વોર્ડ નં.૪ના મોરબી હાઇવે રોડ અને પારેવડી ચોક, વોર્ડ નં.૫ના મારૂતિનગર, ભાવનગર રોડના કોમ્પ્લેક્ષ પર નોટીસ અપાતા રીકવરી થઇ હતી.

વોર્ડ નં.૬, ૧૩, ૧૬ના જંગલેશ્વર સહિતના વિસ્તાર, વોર્ડ નં.૧૮ના કોઠારીયા રોડ પર સહિત કુલ ૩૪.૩૨ લાખની રીકવરી થઇ હતી.

# ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વાજડી ગઢમા ચેકડેમનું ખાતમુહુર્ત કરાયું



રાજકોટઃસૌરાષ્ટ્ર-ગુજરાતમાં અલગ-અલગ જીલ્લામાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ચેકડેમ રિપેરિંગ, ઊંડા અને ઊંચા કરેલ તેમજ નવા બનાવેલ છે. જેનાથી વરસાદી પાણી વિશાળ જથ્થામાં રોકેયેલ અને જમીનની અંદર પાણીના તળ ખુબ ઊંચા આવેલ છે.ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમો તૈયાર કરવાનો સંકલ્પ કરવામાં આવ્યો છે. તેમજ ૧૧,૧૧૧ બોરીચાર્જ કરવાનો પણ સંકલ્પ કરેલ છે. ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વાજડી ગઢમા ચેકડેમનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું .

વાજડી ગઢના સરપંચ ભુપેન્દ્રસિંહ જાડેજા દ્વારા ખુબ સરસ માહિતી આપવામાં આવી છે જેમાં પંડિત કહેતા હતા કે પાવરે પાણી વહેચાશે તો આજે પ્લાસ્ટિકની બોટલોમાં પાણી વેચવા માંડ્યું છે તો આ કાર્ય ખૂબ સારું હોય અને લોકો એમાં જોડાઈ તો ૫૦ વર્ષ પછી ગંભીર પરિસ્થિતિ આવવાની હોયએ ન આવે.

વાજડી ગઢના ઉપસરપંચ એભલભાઈ ડાંગર દ્વારા જણાવેલ કે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જે વરસાદનું પાણી રોકવામાં આવે છે, કારણકે ભવિષ્યમાં પાણીની તંગી ઊભી ન થાય જેથી અમે અમારા ગામમાં કાર્ય ચાલુ કર્યું છે તે ખૂબ સરાહનીય છે, કારણ કે જ્યાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા ડેમ બન્યા ત્યાં ખેડૂતને ખૂબ મોટો ફાયદો થયો છે.રતિભાઈ ખુંગલા આહીર અગ્રણી દ્વારા જણાવેલ કે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા વરસાદી પાણી દરિયામાં જતુ રોકવામાં આવે છે તેનાથી ખૂબ મોટો ખેડૂતો અને ઈન્ડસ્ટ્રીઝને ફાયદો થશે, અને દરેક લોકો આ કાર્યમાં જોડાય એવી વિનંતી છે.આ કાર્યક્રમમાં ગીરગંગા પરિવાર ટ્રસ્ટના પ્રમુખશ્રી દિલીપભાઈ સખિયા, પ્રકૃતિ પ્રેમી દિનેશભાઈ પટેલ, પ્રતાપભાઈ પટેલ, જમનભાઈ પટેલ, વિરાભાઈ હુંબલ, ધીરુભાઈ કપુરિયા, મનસુખભાઈ વેકરીયા તેમજ દરેક ભાઈઓ હાજર રહ્યા હતા.

## રાજકોટ RTOની લાઈસન્સ સસ્પેન્ડની કાર્યવાહી

# ચારથી વધુ ઈ-મેમો મળ્યો તેવા ૬૦૦માંથી ૧૦૦ વાહન ધારકોને નોટિસ; 30 નોટિસ પરત આવતા પોલીસ સ્થળ તપાસ કરશે



રાજકોટ આરટીઓ કચેરીમાં એવું પ્રથમ વખત બની રહ્યું છે કે, ટ્રાફિક નિયમોના ભંગ બદલ ચારથી વધુ વખત ઈ-ચલણના મેમો આપવામાં આવ્યા હોય તેવા ૬૦૦ વાહનચાલકોને લાયસન્સ સસ્પેન્ડ કરવા માટેની નોટિસ ફટકારવાનું નક્કી કરાયું છે. જોકે, તેમાંથી અત્યાર સુધીમાં ૧૦૦ જેટલા વાહન ચાલકોને નોટિસ આપી દેવામાં આવી છે, પરંતુ તેમાંથી 30 નોટિસ ખોટા એડ્રેસને કારણે પરત ફરી છે. જ્યારે ૫ વાહનચાલકો ઈ-મેમો ભરી આવ્યા હોય તેની પહોંચ સાથે આરટીઓ કચેરી ખાતે હાજર થઈ ચૂક્યા છે.

જોકે હવે વર્ષ ૨૦૨૫ની શરૂઆતથી આ વાહનચાલકોને સિગ્નલ તોડવું, હેલ્મેટ ન પહેરવું, સીટ બેલ્ટ ન બાંધવો, રોંગ સાઈડમાં વાહન ચલાવવું, ત્રીપલ સવારી સહિતના ટ્રાફિક નિયમના ભંગ બદલ જે તે વાહનચાલકનું લાયસન્સ ઓછામાં ઓછું ત્રણ મહિના અને વધુમાં વધુ એક વર્ષ સુધી સસ્પેન્ડ કરવામાં આવશે. જે દરમિયાન તે વાહનચાલક વાહન ચલાવી નહીં શકે. આરટીઓ કચેરી દ્વારા અગાઉ ફેટલ અકસ્માત જેવા કિસ્સાઓમાં લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવતું હતું, પરંતુ હવે ટ્રાફિક નિયમના ભંગ બદલ પણ લાયસન્સ સસ્પેન્ડ કરવાનું શરૂ કરાશે.


રાજકોટ ઈન્ચાર્જ આરટીઓ અધિકારી કેતન ખપેડે જણાવ્યું હતું કે, ટ્રાફિક કચેરી દ્વારા અત્રેની કચેરીમાં ૬૦૦ જેટલા વાહનચાલકોને અપાયેલા ઈ-મેમો મોકલી આપવામાં આવેલા છે. જે ઈ-મેમોના આધારે કયું લાયસન્સ કયા વ્યક્તિનું છે તે સર્ચ કરવામાં આવ્યું હતું અને ત્યારબાદ તેઓને નોટિસ આપવામાં આવી હતી. જેમાં જે તે વાહનચાલકે ઈ-ચલણ ભર્યા ન હોય તેવા વ્યક્તિઓને આરટીઓ કચેરી દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સ સસ્પેન્ડ કરવા માટેની નોટિસ ફટકારવાનુ શરૂ કરવામાં આવ્યું હતું. જેમાં સમય મર્યાદામાં આ કચેરી ખાતે હાજર ન રહે કે કોઈપણ પ્રકારનો ખુલાસો ન કરે તો તે વાહનચાલકનું લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવશે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, રાજકોટ આરટીઓ કચેરી દ્વારા અત્યાર સુધીમાં ૧૦૦ જેટલા વાહન ધારકોને નોટિસ ફટકારવામાં આવી છે. જોકે, તેમાંથી અમુક નોટિસ પરત આવી છે. તેનું કારણ એ છે કે લાયસન્સમાં જે એડ્રેસ લખેલું હોય તે એડ્રેસ પર તે વ્યક્તિ મળી ન આવ્યો હોય. જોકે, પરત આવેલી નોટિસ બાબતે જ્યારે ટ્રાફિક પોલીસ દ્વારા જાણ કરવામાં આવી ત્યારબાદ હવે તે જગ્યાએ આરટીઓ પોલીસ ઈન્સ્પેક્ટર દ્વારા સ્થળ તપાસ કરવામાં આવશે. ત્યારબાદ પંચનામુ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ સાથે જ તેમણે જણાવ્યું હતું કે, આરટીઓ કચેરી દ્વારા લાઈસન્સ સસ્પેન્ડ કરવા બાબતે નોટિસ આપવામાં આવે છે. ત્યારબાદ ૧૦ દિવસમાં જે તે વ્યક્તિએ અત્રેની કચેરી ખાતે આવી ખુલાસો કરવાનો રહેતો હોય છે. સમય મર્યાદામાં ખુલાસો કરવામાં ન આવે તો એક તરફી નિર્ણય લઈ તે વ્યક્તિનું લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવે છે. ટૂંક સમયમાં આ વાહનચાલકોના લાયસન્સ સસ્પેન્ડ કરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવશે અને તેમાં જે તે વાહનચાલકનું લાયસન્સ ૩ માસ, ૬ માસ કે ૧ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, આરટીઓ કચેરી દ્વારા ૧૦૦ જેટલા વાહનચાલકોને લાયસન્સ સસ્પેન્ડ કરવા માટેની નોટિસ ફટકારવામાં આવી છે. જેમાંથી ૫ ચાલકોએ ઈ-મેમો ભરી દીધો છે અને તે નાણા ભર્યાની પહોંચ સાથે આરટીઓ કચેરીમાં હાજર થઈ ચૂક્યા છે. જ્યારે 30 વાહનચાલકો એવા છે કે જેમના ઘરેથી નોટિસ પરત ફરી છે. આ સિવાયના વાહન ચાલકોને ઘરે નોટિસ આપી દેવામાં આવી છે. નિયત સમયગાળામાં આ વાહનચાલક ઈ-ચલણના પૈસા નહીં ભરે અને આરટીઓ કચેરીમાં હાજર નહીં થાય તો તેનું લાયસન્સ સસ્પેન્ડ કરી દેવામાં આવશે.

# બેડી ચોકડી પાસે કાળમુખા બોલેરોની ઠોકરે રોડ ક્રોસ કરતાં વૃધ્ધાનું મોત



રાજકોટ,તા.૨૪

બેડી ચોકડી પાસે કાળમુખા બોલેરોની ઠોકરે રોડ ક્રોસ કરતાં વૃધ્ધાનું ટૂંકી સારવારમાં મોત નિપજતાં અરેરાટી વ્યાપી ગઈ હતી. બનાવ અંગે અકસ્માત સર્જી નાસી છૂટેલા બોલેરો ચાલકની શોધખોળ આદરી હતી.

પ્રાપ્ત વિગત મુજબ, મોરબી રોડ વેલનાથપરા શેરી નં.-૧૩/૧૮ નો ખુણે રહેતાં ખતુબેન બાબુભાઈ જામ (ઉ.વ.૬૫) ગઈ કાલે સવારના સાડા અગીયારેક વાગ્યાની આસપાસ પોતે પોતાના કામથી ઘરેથી નીકળી ચાલીને મોરબી રોડ ઉપર બેડી ચોકડી તરફ જતા હતા.

ત્યારે નજીકમાં પંચરની દુકાન પાસે પહોચતા મોરબી રોડ જકાત નાકા તરફથી પુરપાટ ઝડપે આવેલા અજાણ્યા બોલેરો ચાલકે પાછળથી તેઓને હડફેટે લેતા તેઓ રોડ ઉપર પટકાયા હતાં અને માથાની પાછળના ભાગે ગંભીર ઈજા થતા લોહી વહેવા લાગેલ હતું. તેમજ પગમાં પણ ગંભીર ઈજા પહોંચી હતી.


અકસ્માત સર્જી બોલેરો ચાલક નાસી છૂટ્યો હતો. બાદમાં વૃધ્ધાને ઈજાગ્રસ્ત હાલતમાં સારવારમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડેલ હતાં. પરંતુ સારવાર કારગત ન નિવડતા તેમનું મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં પરિવારજનો દોડી આવ્યા હતાં. બનાવ અંગે સિવિલ ચોકીના સ્ટાફે બી. ડિવિઝન પોલીસને જાણ કરતાં સ્ટાફ દોડી આવ્યો હતો અને જરૂરી કાર્યવાહી કરી મૃતકના પુત્રની ફરીયાદ પરથી અજાણ્યા બોલેરો ચાલક સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# કંડક્ટરે નશો ન કર્યાનો સિટી એન્જિનિયરનો દાવો

## રાજકોટ સિટી બસનો કંડક્ટર પીધેલો હોય તેમ દરવાજે ટીંગાયો; પેસેન્જરને કહ્યું- કોઈને ટિકિટ નથી દેવી

રાજકોટ સિટી બસ જાણે વિવાદોમાં સપડાયેલી રહેતી હોય તેમ એક પછી એક વિવાદો સામે આવી રહ્યાં છે. હજી ગતરોજ કાલાવડ રોડ પર કણકોટના પાટિયા પાસે બેફિકરાઈથી પસાર થયેલી સિટી બસે ચાલીને જઈ રહેલાં માતા-પુત્રને અડફેટે લીધાં હતાં. જેમાં સાત વર્ષના બાળકનું તેની માતાની નજર સામે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું. ત્યારે આજરોજ વધુ એક સિટી બસનો કંડક્ટર નશામાં ધૂત થઈ દરવાજે ટીંગાયો હોવાનો આરોપ લગાવતો વીડિયો પણ સામે આવ્યો છે.

વાયરલ વીડિયોમાં દર્શાવ્યા પ્રમાણે માધાપર ચોકડીથી ૮૫ નંબરની સીટી બસ આજી ડેમ ચોકડી તરફ જતી હતી. જેમાં કંડક્ટર તરીકે નોકરી કરતો શખ્સ બાબુ પરમાર ચિક્કાર દારૂના નશામાં જોવા મળતો હતો. કંડક્ટર અન્ય શખ્સ સાથે વાતચીત કરતો હતો કે, આગળ સાહેબનું ચેકિંગ છે, તું બેસી જા. એટલું જ નહીં નશામાં ધૂત



કંડક્ટર બફાટ કરતો હતો કે વાળાના મમરા ભરી દેવા છે કહી સાહેબ ગાળો ભાંડી હતી.

વીડિયોમાં એ પણ જોઈ શકાય છે કે, જૂના એરપોર્ટ પાસેથી બસ પસાર થઈ ત્યારે મારે વિમાન જોવું છે, કહી દરવાજે લટક્યો હતો. થોડે આગળ જતા કોઈ મુસાફર નથી ચાલો આજી ડેમ ચાલો આજી ડેમ કહી બારીમાંથી ડોકિયું કરી દેકારો કર્યો હતો. ત્યારે દરવાજો બંધ થઈ જતા તેનું ચપ્પલ પણ ફસાઈ ગયું હતું. મુસાફરોના પૈસા ઓળવી જવા અંગે કહ્યું હતું કે, જેટલા મુસાફરો હોય તેને બેસાડી દેવાના પૈસા લઈ લેવાના અને ટિકિટ માગે તો કહી દેવાનું કે મશીન બંધ છે. આ અંગે મનપાનાં સિટી એન્જિનિયર પરેશ અઢીયાએ જણાવ્યું હતું કે, ખરેખર તેણે નશો કર્યો નહોતો, પરંતુ તે માનસિક બીમાર છે. જેના કારણે જ્યારે દવા ન લીધી હોય ત્યારે તે આવું કરતો હતો. જોકે, આ બાબત ધ્યાને આવતા શનિવારે જ બાબુભાઈ પરમારને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યો હતો. તેમજ ફરીથી આવું ન બને તેના માટે મનપા કમિશનર સાથે ચર્ચા કર્યા બાદ અન્ય તમામ કર્મચારીઓનાં મેડિકલ સહિતનાં પગલાં લેવાની ખાતરી પણ તેમણે આપી હતી.


# સ્માર્ટ સીટીમાં અટલજીની પ્રતિમા મૂકવા મહાપાલિકાની જાહેરાત

## અટલ સ્માર્ટ સીટી અને અટલ સરોવર વિસ્તારમાં ભારત રત્નની કાયમી સ્મૃતિ રહેશે

### પૂર્વ વડાપ્રધાનની જન્મ જયંતિ પૂર્વે યાદગાર નિર્ણય

રાજકોટ, તા. ૨૪

આજે તા. ૨૫ ડિસેમ્બરના રોજ પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન અટલ બિહારી વાજપેયીનો જન્મ દિન છે ત્યારે શહેરની ભાગોળે પશ્ચિમ રાજકોટમાં વિકસીત થયેલા અટલ સ્માર્ટ સીટી સંકુલમાં તેઓની પ્રતિમા મૂકવા મહાપાલિકાએ નિર્ણય લીધો છે. રાજકોટમાં તેઓની આ પ્રથમ પ્રતિમા મૂકવામાં આવનાર છે. મેયર નયનાબેન પેઢડીયા, ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળાએ આજે



જણાવ્યું હતું કે, પૂર્વ વડાપ્રધાન કે જેમણે, કુલ નવ વખત લોકસભાના સભ્ય અને બે વખત રાજ્ય સભાના સભ્ય તેમજ અલગ અલગ સામાન્ય ચૂંટણીમાં અલગ અલગ ચાર રાજ્યો (ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગુજરાત અને દિલ્હી)માંથી ચૂંટાનારા તેઓ એકમાત્ર સંસદ સભ્ય રહેલ છે. ૧૯૬૯-૧૯૭૨ દરમ્યાન વાજપેયી ભારતીય જન સંઘ (હવે, ભારતીય જનતા પાર્ટી)ના પ્રમુખ હતા. ૧૦માં વડાપ્રધાન તરીકે તેઓએ સેવા આપી હતી. આવા પ્રખર રાજનેતા અને ભારત રત્નથી સન્માનિત શ્રી અટલ બિહારી વાજપેયીની જન્મ જયંતિ નિમિતે સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપે ટી.પી.સ્કીમ નં.૩૨(રૈયા)માં નવનિર્મિત અટલ સ્માર્ટ સિટી સંકુલ ખાતે તેમની પ્રતિમા મુકવાનો નિર્ણય કરવામાં આવેલ છે. પરમાણુ પરિક્ષણ પણ તેમની દેન હતી. કારગીલ યુધ્ધને વિજય દિન તરીકે ઈતિહાસમાં સામેલ કર્યુ હતું. ૨૫ ડિસેમ્બરે ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીની જયંતી પર સુશાસન દિવસ મનાવવામાં આવે છે. મહાનગરપાલિકા દ્વારા ૨૫મી ડિસેમ્બર સુશાસન દિવસની ઉજવણીના ભાગરૂપેટી.પી.સ્કીમ નં.૩૨(રૈયા)માં નવનિર્મિત અટલ સ્માર્ટ સિટી સંકુલ ખાતે શ્રી અટલ બિહારી વાજપેયીની પ્રતિમા મુકવાનો નિર્ણય કરવામાં આવેલ છે

# રૂપિયો વધુ ગબડી રૂા. ૮૫.૧૩ના નવા તળિયે

મુંબઈઃ મુંબઈ કરન્સી બજારમાં આજે રૂપિયા સામે ડોલરના ભાવ ફરી ઉછળતાં રૂપિયામાં નવું નીચું તળીયું દેખાયું હતું. શેર બજારમાં ફરી તેજી આવવા છતાં રૂપિયો નબળો પડતાં બજારના જાણકારો આશ્ચર્ય બતાવી રહ્યા હતા. ડોલરના ભાવ રૂા. ૮૫.૦૩ વાળા આજે સવારે રૂા. ૮૪.૯૯ ખુલી નીચામાં ભાવ રૂા. ૮૪.૯૭ થયા પછી ભાવ ઉછળી ઉંચામાં રૂા. ૮૫૧૩ની નવી ટોચ બતાવી છેલ્લે બંધ ભાવ રૂા. ૮૫.૧૨ રહ્યા હતા.



બંધ ભાવના સંદર્ભમાં પણ રૂપિયાના ભાવમાં આજે નવું તળીયું નોંધાયું હતું. જ્યારે ડોલરના ભાવમાં તેજીનો નવો રેકોર્ડ સર્જાયો હતો. વિશ્વ બજારમાં વિવિધ પ્રમુખ કરન્સીઓ સામે ડોલરનો વૈશ્વિક ઈન્ડેક્સ ૧૦૭.૬૨થી ઝડપી વધી ઉંચામાં ૧૦૮.૧૭ થઈ ૧૦૮.૧૪ રહ્યાના સમાચાર મળ્યા હતા. આ પૂર્વે ડોલર ઈન્ડેક્સમાં છેલ્લા બાવન સપ્તાહની ટોચ ૧૦૮.૨૨ની નોંધાઈ હતી.

ભારતનું ફોરેક્સ રિઝર્વ ૧.૯૮ અબજ ડોલર ઘટી છ મહિનાના તળીયે ૬૫૨.૮૭ અબજ ડોલર નોંધાતા તેની અસર પણ આજે કરન્સી બજારમાં રૂપિયા પર નેગેટીવ દેખાઈ હતી. વિશ્વ બજારના સમાચાર મુજબ ડોલર સામે બ્રાઝીલની કરન્સી તૂટી જતાં તાજેતરમાં બ્રાઝીલની સરકારે પોતાની કરન્સીને બચાવવા ૧૭ અબજ ડોલરનું વેચાણ કરતાં ત્યાંનું ફોરેક્સ રિઝર્વ નોંધપાત્ર ઘટયાના નિર્દેશો મળ્યા હતા. અમેરિકામાં ફુગાવાનો વૃદ્ધી દર તાજેતરમાં અપેક્ષાથી ઓછો આવતાં ત્યાં હવે વ્યાજ દરમાં ઘટાડાની શક્યતા ફરી વધ્યાના વાવડ મળ્યા હતા. દરમિયાન, કોમેડિટી ફ્યુચર્સ ટ્રેડિંગ કમિશનના વૈશ્વિક સૂત્રોના જણાવ્યા મુજબ વૈશ્વિક ડોલર ઈન્ડેક્સમાં તેજીવાળાએ પોઝીશન વધારી છે.

## હૈદરાબાદ, બેંગ્લોર કે દિલ્હી જેવા શહેરોને પાછળ રાખી ગુજરાતના નાના શહેરોમાંથી આઈપીઓમાં વધારે રોકાણ થઈ રહ્યું છે

# IPOમાં રોકાણ કરવામાં ગુજરાત દેશમાં અવ્વલ દર ચારમાંથી ત્રણ IPOમાં નફો મળ્યો

શેરબજારમાં રોકાણ કરવામાં ગુજરાતીઓ આગળ રહ્યા છે. છેલ્લા ૩ વર્ષમાં શેરબજારમાં જોવા મળી રહેલી અભૂતપૂર્વ તેજીના કારણે તેમજ પ્રાયમરી માર્કેટમાં ઈનિશિયલ પબ્લિક ઓફર ()માં રોકાણકારોને લિસ્ટિંગના દિવસે જ મળતા વળતરના કારણે હવે ગુજરાત આઈપીઓમાં અરજી કરવામાં અને રોકાણ કરવામાં દેશમાં પહેલું રાજ્યું બન્યું છે. આ ઉપરાંત હૈદરાબાદ, બેંગ્લોર કે દિલ્હી જેવા શહેરોને પાછળ રાખી ગુજરાતના નાના શહેરોમાંથી આઈપીઓમાં વધારે રોકાણ થઈ રહ્યું છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં આઈપીઓમાં થયેલા કુલ ભરણમાં (એલોટમેન્ટ નહીં, કુલ અરજીની રકમ)ની દ્રષ્ટિએ ૮.૬૯ લાખ કરોડ રૂપિયા સાથે મહારાષ્ટ્ર પહેલા સ્થાને અને ૮૮,૮૧૯ કરોડ રૂપિયા સાથે ગુજરાત દેશમાં બીજા સ્થાને હતું. એ પછી વર્ષ ૨૦૨૨-૨૩માં મહારાષ્ટ્રમાંથી કુલ ૩૨, ૮૮૭ કરોડ રૂપિયા સામે ગુજરાતમાંથી ૨૧,૯૬૦ કરોડની અરજીઓ થઈ હતી. પરંત ૨૦૨૩-૨૪માં ૧,૩૫,૦૫ કરોડ રૂપિયા સાથે ગુજરાત પ્રથમ ક્રમે અને ૯૪,૬૧૭ કરોડ રૂપિયા સાથે મહારાષ્ટ્ર બીજા ક્રમે આવી ગયું હતું.

મુંબઈ દેશની આર્થિક રાજધાની છે, દેશની નાણા સંસ્થાઓ અને રોકાણકારની દ્રષ્ટિએ દેશમાં અવ્વલ હોવા છતાં ગુજરાત હવે તેનાથી આગળ નીકળી ગયું છે. ટોચના શહેરો કે જ્યાંથી આઈપીઓમાં રોકાણ આવે છે તેમાં મુંબઈ હજી પણ દેશમાં સૌથી આગળ છે. પરંતુ આઈપીઓમાં કુલ રોકાણમાં સૌથી વધુ હિસ્સો ધરાવતા ટોચના ૨૦ શહેેરોમાં ગુજરાતના ૯ શહેરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, સુરેન્દ્રનગર, ગાંધીનગર, મહેસાણા અને જામનગર જેવા નાના કેન્દ્રો પણ આ ટોચના ૨૦ શહેરોની




યાદીમાં જોવા મળે છે.

વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૭ શહેરો હતા જે હવે વધીને ૯ થઈ ગયા છે. ભુજ હવે ટોચના શહેરોની યાદીમાં નથી પણ સામે સુરેન્દ્રનગર, જામનગર, મહેસાણા જેવા શહેરોનો ઉમેરો થયો છે.

ઉપલબ્ધ વિગતો વધુમાં દર્શાવે છે કે બેંગ્લોર, પૂણે, હૈદરાબાદ કે ચેન્નાઈ જેવા મેટ્રો સેન્ટર આ યાદીમાં ગુજરાતના મોટાભાગનાં શહેરો કરતા પાછળના ક્રમે આવે છે.

ત્રણ વર્ષના ઉપલબ્ધ આંકડા અનુસાર કુલ ૧૬૬ પબ્લિક ઈસ્યુ થકી કંપનીઓએ નાણા એકત્ર કર્યા હતા. આ આઈપીઓમાં લિસ્ટિંગના દિવસે જ ૧૨૦ કંપનીઓમાં ઈસ્યુ પ્રાઈસ કરતા લિસ્ટિંગનો ભાવ વધારે રહેતા રોકાણકારોને વળતર મળ્યું હતું. જ્યારે ૪૬માં ખોટ સહન કરવી પડી હતી. દર ચારમાંથી ત્રણ કંપનીઓમાં વળતર મળ્યું હોવાથી રોકાણકારો બેન્કમાં પડેલી ફાજલ બચત આઈપીઓમાં ભરણમાં અરજી તરીકે કહી રહ્યા હાવાનું નિષ્ણાંત માને છે.

કોરોના બાદ શેરબજારમાં જોવા મળેલી અભૂતપૂર્વ તેજીમાં વધુને વધુ રોકાણ સેકન્ડરી માર્કેટમાં - સીધા શેરની ખરીદી કરી કે મ્યુચ્યુઅલ ફંડ-તરફ ફંટાઈ રહ્યું છે. એવામાં પ્રાયમરી માર્કેટમાં શેરના લિસ્ટિંગ સમયે જંગી નફો રળવાની એક તક મળતા રોકાણકારો બેન્કમાં ફાજલ પડી રહેલી બચતનો ઉપયોગ કરી વધારે વળતર મેળવવા શેરબજારમાં આઈપીઓ થકી આવી રહ્યા હોવાનું પણ જોવા મળી રહ્યું છે.વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૩-૨૪ના આંકડા દર્શાવે છે કે ગુજરાતીઓ તક મળતા જ પબ્લિક ઈસ્યુમાં નાણા ભરી વળતર મેળવવા રોકાણ કરી રહ્યા છે. વર્ષ ૨૦૨૩-૨૩ કરતા ૨૦૨૩-૨૪માં રાજ્યની બન્ક ડિપોઝીટમાં ૧.૬૬ લાખ કરોડ રૂપિયાનો વધારો જોવા મળ્યો હતો. તેની સામે પબ્લિક ઈસ્યુમાં ગુજરાતીઓએ ૧.૩૫ લાખ કરોડ રૂપિયાનું રોકાણ માત્ર પબ્લિક ઈસ્યુમાં કર્યું હતું. આ વર્ષે મૂડીબજારમાં કુલ ૭૬ ઈસ્યુ આવેલા અને તેમાંથી ૫૮ કે ૭૬ ટકા ઈસ્યુમાં રોકાણકારોને લિસ્ટિંગના દિવસે જ વળતર મળ્યું હતું.

## IPO દ્વારા વિક્રમી રૂ. ૧.૮ લાખ કરોડ એકત્ર કરાયા

નવી દિલ્હી કેલેન્ડર વર્ષ ૨૦૨૪ ભારતના પ્રાયમરી બજાર માટે અસાધારણ વર્ષ સાબિત થયું છે. વર્ષ ૨૦૨૪માં અત્યાર સુધીમાં ૩૧૭થી વધુ આઈપીઓ દ્વારા રૂપિયા ૧.૮ લાખ કરોડ એકત્ર કરવામાં આવ્યા છે, જે અત્યાર સુધીમાં સૌથી વધુ ભંડોળ છે. આ આંકડો કેલેન્ડર વર્ષ ૨૦૨૧માં ઊભા કરાયેલા રૂ. ૧.૩ લાખ કરોડના રેકોર્ડને પણ વટાવી ગયો છે અને કેલેન્ડર વર્ષ ૨૦૨૩માં ઊભા કરાયેલા રૂ. ૫૭૬ અબજ કરતાં ઘણો વધારે છે. પ્રાયમરી બજારથી રોકાણકારો ખુશ જોવા મળ્યા છે. ભારતીય માર્કેટ કેપિટલાઈઝેશનમાં આઈપીઓના યોગદાનમાં નોંધપાત્ર વધારો થયો છે. તે વર્ષ ૨૦૨૩માં ૧.૪%થી વધીને વર્ષ ૨૦૨૪માં ૨.૯% થયું છે. જો કે, આ ઉછાળા છતાં, તે હજુ પણ વર્ષ ૨૦૧૭ (૩.૭%) અને વર્ષ ૨૦૨૧ (૩.૪%) પાછળ છે.

જો કે વર્ષ ૨૦૨૪માં એસએમઈ આઈપીઓનું યોગદાન ઓછું હતું. જે કુલ આઈપીઓ પ્રવૃત્તિનો ૫.૩% છે, જે વર્ષ ૨૦૨૩માં ૮.૬% કરતા ઓછો છે. ઓછો હિસ્સો હોવા છતાં, ૨૦૨૪માં એસએમઈ દ્વારા એકત્ર કરાયેલ કુલ મૂડી રૂ. ૯૨ અબજ હતી, જે ૨૦૨૩માં રૂ. ૪૯ અબજની કુલ મૂડી કરતાં બમણી હતી. એસએમઈ હજુ પણ આઈપીઓ લેન્ડસ્કેપમાં વૈવિધ્ય લાવવાનું મહત્વનું પરિબળ છે.

હ્યુન્ડાઈ મોટરએ ભારતમાં સૌથી મોટા આઈપીઓ સાથે ઈતિહાસ રચ્યો છે. તેણે ઓક્ટોબર ૨૦૨૪માં આઈપીઓ દ્વારા રૂ. ૨૭૮.૬ અબજ એકત્ર કર્યા હતા, જે મે ૨૦૨૨માં એલઆઈસી દ્વારા નિર્ધારિત અગાઉના રેકોર્ડ (રૂ. ૨૦૫.૬ અબજ)ને વટાવી ગયો હતો.

# સાવરકુંડલામાં મામલતદાર કચેરી ની પુરવઠા શાખા માં અત્યાર સુધી માં કુલ ૧૧૨૦૨૧ e -kyc પૂર્ણ કરેલ



### જાહેર રજાના દિવસોમા પણ પુરવઠા વિભાગ પ્રસંશનીય કામગીરી જોવા મળી પૂરવઠા વિભાગ નો સ્ટાફનો સ્ટાફ ખડેપગે

હાલ માં ગુજરાત સરકાર દ્વારા રેશનકાર્ડ ધારકોના ઇ-કેવાયસી અંગેની ખાસ ઝુંબેશ રૂપે કામગીરી થઈ રહી છે જેને લઈ ને સાવરકુંડલા મામલતદાર કચેરીની પુરવઠા શાખા દ્વારા કચેરી દરમિયાન અને જાહેર રજા ના દિવસે પણ ખાસ કેમ્પ નું આયોજન કરી ને વધારેમાં વધારે લોકો ઇ-કેવાયસી કરી શકે તે અંગે જરૂરી પ્રચાર-પ્રસાર કરી સતત કામગીરી કરી રહ્યા છે સાવરકુંડલા તાલુકા ના દરેક ગામમા પણ હાલ માં ઇ-કેવાયસી ની કામગીરી ચાલુ છે તો જે રેશનકાર્ડ ધારકો ના ઇ-કેવાયસી બાકી છે તે ઝડપથી ઇ-કેવાયસી કરાવી લેવા માટે સાવરકુંડલા મામલતદાર શ્રી જે.એન.પંડ્યા અને પૂરવઠા શાખા ના નાયબ મામલતદાર શ્રી કિરીટ પાઠક દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે

આ તકે સાવરકુંડલા માં જાહેર રજા ના દિવસો માં પણ કોમ્પ્યુટર ઓપરેટર દિપક પરમાર, દિવ્યેશ મહેતા ,અને હાર્દીક જેઠવા પણ મામલતદાર શ્રી અને પુરવઠા વિભાગના નાયબ મામલતદાર શ્રી ના માર્ગદર્શન હેઠળ ઇ-કેવાયસી નો દોર આગળ ચલાવી રહ્યા છે



# માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ધાબળા વિતરણ

ગોંડલ શહેર માં છેલ્લા ૨ વર્ષ થી લોક ઉપયોગી સેવાકીય પ્રવૃતિઓ કરતી સેવાકીય સંસ્થા માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ગોંડલ શહેર ના રાજમાર્ગ ઉપર ફુથપાર્થ રાત્રિ દરમિયાન સુતેલા લોકો ને ઠંડી માં રાહત થાય તે માટે ગરમ ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા આ તકે માનવ સેવા ના પ્રમુખ બંટીભાઈ ભુવા, વિમલભાઈ મોવલીયા, મેહુલભાઈ શીંગાળા, કાર્તિકભાઈ સાવલિયા, નિરંજનગીરી ગૌસ્વામી, ચંદ્રેશભાઇ સોલંકી, વર્ષાબેન મોઢવાણીયા, મિતલબેન ત્રિવેદી, ચંદ્રીકાબેન, જાગૃતીબેન માલવીયા, રિધ્ધિબેન ડાભી, અંકિતાબેન સહિત તમામ માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ ગ્રુપ દ્વારા દર વર્ષે ની જેમ આ વર્ષે પણ ૨૦૦ થી વધુ ધાબળા વિતરણ કરવામાં આવ્યું હતું માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સતત ત્રણ દિવસ સુધી રાત્રિ ના ૧૧ વાગ્યાથી રાત્રિના ૩:૦૦ સુધી તમામ વિસ્તારોમાં ફરી ગરીબ જરુરીયાત મંદ લોકો ફુટપાર્થ ઉપર સુતેલા લોકો ને ધાબળા નું વિતરણ કરવામાં આવ્યું હતું આ સેવાકીય યજ્ઞમાં સ્વેચ્છાએ યુવાનો એ અને દાતાશ્રીઓ સહભાગી બન્યા હતા

# નવાગામમમાં બાળ લગ્ન કરાવનાર વરરાજા - કન્યાના માતા - પિતા અને ગોર મહારાજ વિરૂદ્ધ ગુનો નોંધાયો

### કુવાડવા રોડ પોલીસે બાળ લગ્ન પ્રતિબંધિક એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ આદરી



રાજકોટ. તા.૨૪

નવાગામમમાં વર્ષ ૨૦૨૨ માં ૧૭ વર્ષની સગીર દિકરીના લગ્ન ભાવનગરના રંધોળા ગામના યુવાન સાથે કરી નાંખનાર વરરાજા-કન્યાના માતા-પિતા અને ગોર મહારાજ વિરૂદ્ધ સમાજ સુરક્ષા અધિકારીએ કુવાડવા રોડ પોલીસ મથકમાં ગુનો નોંધાવ્યો હતો.

બનાવ અંગે રાજકોટ સમાજ સુરક્ષા અધિકારી અને બાળ લગ્ન પ્રતિબંધિક અધિકારી તરીકે ફરજ બજાવતાં સંતોષભાઈ રાઠોડએ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે વરરાજા અશોક દેવા મેટાડીયા, વરરાજાના પિતા દવશીભાઈ મેટાળીયા, વરરાજાની માતા જયાબેન (રહે. ત્રણેય રંધોળા, ભાવનગર), કન્યાના પિતા અમરશીભાઈ રાઠોડ, માતા મંજુબેન અને ગોર મહારાજ મુકેશ લીલાધર મહેતા (રહે. નવાગામ) નું નામ આપતાં કુવાડવા રોડ પોલીસે બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ હેઠળ કાર્યવાહી કરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓની કચેરીમાં એક મહિલાએ તા.૧૩/૦૪/૨૦૨૨ ના બાળ લગ્ન થયા અંગેની અરજી કરેલ હતી. જે અંગે તપાસ કરવામાં આવતાં જેના બાળ લગ્ન થયેલ હતા તે નવાગામમમાં રહેતી દિકરીને કચેરીએ રૂબરૂ બોલાવી પુછપરછ કરતા જણાવેલ હતુ કે, પોતાના લગ્ન તા ૦૨/૦૨/૨૦૨૨ ના નવાગામ (આંણદપર) માં રંધોળા ગામના પુત્ર અશોક સાથે બંને પરીવારની હાજરીમાં થયેલ હતા.

જે તપાસમાં દિકરીના જન્મ તારીખના પુરાવા માટે શાળા છોડયાનું પ્રમાણપત્ર માંગવામાં આવતા જેમાં કન્યાની ઉંમર લગ્ન તારીખ ૦૨/૦૨/૨૦૨૨ ના તા.૨૭/૦૨/૨૦૦૫ હોય જે મુજબ લગ્નના દિવસે ૧૬ વર્ષ ૧૧ માસ અને ૦૬ દિવસ હતી. તેમજ વરરાજા અશોકની ઉંમર લગ્નના દિવસે ૨૮ વર્ષ ૧૨ દિવસ હતી. જેથી લગ્ન બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ ભંગ કરીને ગુન્હો કરવામાં આવેલ હતો.

જે બાદ કન્યાના પિતા અમરશીભાઈ રાઠોડ અને માતા મંજુબેન રાઠોડનું સયુક્ત નિવેદન તા.૧૭/૦૫/૨૦૨૨ ના લેવામાં આવેલ છે. જેમાં પોતાની પુત્રીના લગ્ન રંધોળાના રહીશ દેવશીભાઈ મેટાળીયાના પુત્ર અશોક સાથે પોતાના નિવાસ સ્થાને તા.૦૨/૦૨/૨૦૨૨ ના હિન્દુ શાસ્ત્રોક્ત વિધીથી કરવામા આવેલ હતા. તેમજ નિવેદનમાં તેઓએ પોતાની પુત્રીના બાળ લગ્ન થયાનું જણાવેલ છે. ઉપરાંત વરરાજાના પિતા દેવશીભાઈ મેટાળીયાનું નિવેદન તા.૧૭/૦૫/૨૦૨૨ નાં લેવામાં

આવેલ જેમાં જણાવેલ કે, અમરશીભાઈ રાઠોડની પુત્રીના લગ્ન પોતાના પુત્ર અશોક સાથે કરવામાં આવેલ હતા.

તેમજ વરરાજા અશોકભાઈ મેટાળીયાનું નિવેદન લેવામાં આવેલ જેમાં તેઓએ જણાવેલ કે અમરશીભાઈ રાઠોડની પુત્રીના લગ્ન પોતાની સાથે તારીખ ૦૨/૦૨/૨૦૨૨ ના કરવામાં આવેલ હતા.

# શેરબજાર જાન્યુઆરીમાં કેવું રહેશે?




શેરબજારમાં રોકાણને આજે પણ જોખમી માનવામાં આવે છે. કોઈ તેને નસીબનો ખેલ સમજે છે તો કોઈ વળી તેમાં જોખમ ઉઠાવવાની ક્ષમતાની વાત કરે છે. બહુ જ ઓછા લોકો આને આંકડાની માયાજાળ સમજે છે. અલબત્ત, સ્ટોક માર્કેટ એટલે આંકડા તેમાં ભાવ હોય, બેન્ચમાર્ક હોય કે પછી રોકાણ હોય, દરેકમાં એક ગણિત છે. લગભગ ૧૦૦ વર્ષ પહેલા અમેરિકાનાં મહાન ટ્રેડર ડબલ્યૂ. ડી. ગેને સાબિત કરી દીધું હતું કે, ભાવ ભગવાન અને સમય સર્વસ્વ, સમય બળવાન છે. સમયચક્ર, ખગોળ, ભૂમિતિ, અંકશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રનો ઉપયોગ કરીને તેણે શેરબજાર અને કોમોડિટીમાં વેપાર કરવા માટે પોતાની આગવી અને અનોખી ટેકનિક વિકસાવી હતી.

## મેજર પ્રેશર ડેટઃ ૧૮ જાન્યુઆરી ૨૦૨૫

મેજર પ્રેશર ડેટ ઉપર સામાન્ય રીતે પાંચ-સાત દિવસ માટે રિવર્સલ આવતું હોય છે. એટલે કે ટ્રેન્ડ તેજીનો હોય તો થોડા દિવસ માટે મંદી અને મંદીનો હોય તો થોડા દિવસની તેજી જોવા મળતી હોય છે. તેમ છતાં આ દિવસનો હાઈ-લો માર્ક કરીને માર્કેટ જે દિશામાં જાય તે દિશાનો ટ્રેડ લેવો હિતાવહ છે.

## વીકલી ટ્રેન્ડઃ બીજું, ચોથું અઠવાડિયું

બીજા અઠવાડિયા પહેલા જો માર્કેટ નીચે સરકતું હોય અને તળીયે કોઈ ડેઈલી કેન્ડલ રિવર્સલ પેટર્ન બનાવે એટલે કે ગ્રીન દોજી, ગ્રીન હેમર કે પછી પાછળનાં દિવસનો હાઈ કાપીને ઉપર બંધ આપે તો બજાર તેજી



બતાવી શકે છે. જ ૧ ૨ ૩ તેનાથી ઉલટું જો ચોથા અઠવાડિયામાં બજાર તેજીમાં હોય અને ટોપ ઉપર કોઈ રિવર્સલ રેડ કેન્ડલ આપે તો મંદીની અસર પાંચમાં અઠવાડિયા સુધી પણ ખેંચાઈ શકે છે.

## ઈશ્ક વિથ રિસ્કઃ ૩થી ૭ જાન્યુઆરી

આ દિવસોમાં બજાર એકાદ બે દિવસ મોટું ગાબડું પાડે તેવી પૂરી સંભાવના છે. આ ટાઈમ લાઈન ઉપર ભૂતકાળમાં મોટાભાગે બજારે નાનો-મોટો કડાકો આપેલો છે.

## હાઈ ફ્લાયઃ

૯ જાન્યુઆરી, ૧૭ જાન્યુઆરી, ૨૭ જાન્યુઆરી

આ ત્રણ તારીખ ઉપર ખાસ નજર રાખવી. બજાર જો આગળનાં દિવસનો હાઈ મજબૂતાઈથી ક્રોસ કરે તો સપાટાભેર તેજી બતાવી શકે છે.

લો બ્રેકરઃ ૩, ૧૦, ૨૦, ૨૪ જાન્યુઆરી

આ દિવસોમાં જો માર્કેટ તાકાતથી નીચે પડતું દેખાય તો બજાર સારી એવી મંદી કરી શકે અથવા તો ચાલુ બજારે ટ્રેન્ડમાં ઉથલ-પાથલ મચાવે તેવા રિવર્સલ આપી શકે છે.

હિસ્ટ્રી રીપીટ્સઃ ૧૭થી૧૮ જાન્યુઆરી, ૧૮થી ૨૨ જાન્યુઆરી, ૨૨થી ૨૬ જાન્યુઆરી

૧૭-૧૮ જાન્યુઆરીએ બજારે ભૂતકાળમાં અનેકવાર સારી એવી તેજી બતાવી છે.

૧૮થી ૨૨ જાન્યુઆરી વચ્ચે ભૂતકાળમાં અનેકવાર મંદી કરેલી છે.

૨૨થી ૨૬ જાન્યુઆરી વચ્ચે .ભૂતકાળમાં તેજી જોવા મળેલી છે.

**આ ગેન થિયરીના આધારે અભ્યાસ છે. ખરીદ વેચાણની કોઈ સલાહ કે સૂચન નથી. વધુ વિગતો, માસિક અને સાપ્તાહિક રિપોર્ટ માટે Gannalysisgmail.com ઉપર સંપર્ક કરો.**

ૐકારા

કર્મ એજ ધર્મ | સનાતન એજ સત્ય | આત્મા એજ પરમાત્મા

સનાતન પુનઃઉત્થાન અને સ્થાપનાના મહાસંકલ્પના ધારક



## પ.પુ. શ્રી ૐ કારા પ્રભુ - ૐ દાદા

હું સૌનો સૌ અમારા, સૌનું સૌને અર્પણ

: સ્થાપક :

(૧) ૐકારા સંપ્રદાય (૨) ૐદાદા ફાઉન્ડેશન (૩) ૐકારા મહાસંઘ

**સવારે ચાલવા જવું તે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે અને, દિવસ દરમિયાન ઘણું બધું ચલાવી લેવું એ જીવન માટે અતિ ફાયદાકારક છે.**

**સંતોષપૂર્વક જીવીએ, કર્મો પ્રત્યેસ જાગ રહીએ...**

1. Facebook.com/omkaraprabhuji
2. Instagram.com/omkaraprabhuji
3. X.com/omkaraprabhuji
4. Youtube.com/@omkaraprabhuji
5. whatsapp.com/channel/0029VaE9O9e2v1Ip5ipCAR3n

ૐ જ છે આસ્થા,
ૐ માં છે વિશ્વાસ ૐમાં
છે શક્તિ, ૐમાં છે
સંસ્કાર ૐ થી જ થાય છે
સારા દિવસની શરૂઆત
બોલો ૐ ૐ ૐ

SAPPHIRE GOLD

Project By
JMJ PROJECTS
Dream.Create.Inspire...
RAJKOT | MUMBAI | AHMEDABAD
jmjprojects.in

સેફાયર છે ને.. !!
શું કામ ન મળે સપનાનું ઘર...

2 BHK Flats
618 Carpet

3 BHK Flats
824 Carpet

એકવાર સેમ્પલ ફ્લેટ તો જુઓ, બીજું કંઇ નહીં ગમે...

@ Raiya Road, Opp. Tulsi Super Market, Rajkot

Contact : 94038 90004

RERA Reg. No.: PR/GJ/RAJKOT/RAJKOT/Others/MAA 12629/111123
Web : gujrera.gujarat.gov.in

# PROPERTY ZONE

(૧) મનહર પ્લોટ શેરી નંબર સાતમાં પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે સામે ખેતીલાયક જમીન ચાલશે ૮૦.હજાર ભાડાની આવક સાથે સામે ખેતીની જમીન ચાલશે

(૨) રૈયા રોડ પર ૩૫૮ વાર જગ્યા વેચવાની છે દરેક ધંધાને અનુરૂપ રોડ ટચ

(૫) પંચવટી સોસાયટી ૩૦૫ વાર પ્લોટ વેચવાનો છે

(૬) પાંચ ફ્લેટ એકીસાથે વેચવાના છે ત્રણ બેડરૂમ હોલ કિચન લોકેશન સુભાષ નગર મેઈન રોડ

(૭) રૈયા રોડ આલા ગ્રીન સિટી પાસે ૨ બીએચકે નો ફ્લેટ વેચવાનો છે ૬૮૦ કાર્પેટ, લકઝરી ફર્નિચર સાથે સાતમો માળ

**રાજકોટના પોર્સ વિસ્તારમાં પ્રોપર્ટી લે-વેચ કરવા માટે અમારો સંપર્ક કરવો**
**મોબાઈલ નં. ૯૯૨૪૧ ૪૭૦૫૯ રમેશભાઈ વાગડીયા**

## તાત્કાલિક કસમાં ચાલુ વ્યવસાય સાથેનો શોરૂમ વેચવાનો છે

**કાલાવડ રોડ પરિમલ સ્કુલ ની સામે જયસીયારામ ટીસ્ટોલની બાજુમાં મોં. 98983 17826**

નો ફેવર, નો ફિઅર...

# સામના મિરર

Daily Morning Newspaper



## ડિજિટલ ભારતની સાથે

## તમે પણ બનો ડિજિટલ...





**તમારા ધંધા-વેપારની જાહેરાત 'સામના મિરર'માં આપી આપના વ્યવસાયને પહોંચાડો લાખો વાંચકો સુધી...**



મોબાઇલમાં નિયમિત સમાચારો મેળવવા

**વોટ્સએપ** પર

**Hi લખીને મોકલો**

# 98983 17826



**અને જોડાઇ જાવ અમારી સાથે...**


RAVI ENGLISH INSTITUTE ®
SINCE 2003
Ravi ENGLISH INSTITUTE
Where Growth is A Way of Life
A/C Class
ધો.૪ થી ૧૨ તેમજ ટેટ, ટાટ અને
સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તેમજ ઈઝરાયલ
જેવા દેશોમાં કેર ટેકર તરીકે જવા
ઈચ્છુક વ્યકિતઓ માટે અંગ્રેજી ભાષાનું સચોટ શિક્ષણ.
અંગ્રેજી આટલું સરળ?
એક વખત અચૂક મુલાકાત લો...
Rasik Mehta
+919879329391
SPOKEN ENGLISH
૧૦૦% રીઝલ્ટ
ઓરીએન્ટેડ ગેરેન્ટી
Learn English
Language With
Money Back
Guarantee..
FREE
TRIAL
3 DAYS
અમારી વિશિષ્ટતાઓ
બધા લેવલ એક જ ફી માં કરાવતી એકમાત્ર સંસ્થા.
ધોરણ ૫ થી ૧૨ નું અંગ્રેજી વિષયનું શિક્ષણ પણ મેળવો.
દરેક બેચમાં મર્યાદિત સંખ્યા અને વ્યકિતગત માર્ગદર્શન.
ડેઈલી-વિકલી-મંથલી રીવીઝન સીસ્ટમ.
પ્રોજેકટર + કોમ્પ્યુટર દ્વારા આધુનિક શિક્ષણ.
૧૦,૦૦૦ જેટલા વાકયો તેમજ૧૦,૦૦૦ જેટલા
શબ્દોનું જ્ઞાન પિરસતી એકમાત્ર સંસ્થા.
નવી બેચિઝ
ટૂંક સમયમાં શરૂ.
SCAN TO
ENJOY VIDEO
FOLLOW US:
Ravi English Institute
You Tube
art house
હેડઓફિસ :
"શ્રી હરી કોમ્પલેક્ષ" પહેલા માળે, યુનિ. રોડ,
ધોળકીયા સ્કુલ સામે, શેરી નં.૭ નો ખુણો,
બોમ્બે હાઉસીગ સોસાયટી મેઈન રોડ,
રાજકોટ. MO. 98793 29391
બ્રાન્ચ ઓફિસ :
૧૫૦ ફુટ રીંગ રોડ, બાલાજી હોલ પાછળ,
ધોળકીયા સ્કુલ પાસે સાગર ચોક,
શિવમ કોમ્પલેક્ષ, પહેલા માળે, રાજકોટ.
MO. 98245 81306


લાઈફ ટાઈમ*
ડિમેટ એકાઉન્ટ ફ્રી
AM TRADING
ફ્રી એડવાઈઝરી
EQUITY STOCK
IPO/SME IPO
OPTION TRADING
NIFTY BANK NIFTY
COMODITY
CURRANCY
Design by:- With Me Digital : 9537300305
દરરોજ ફ્રી માહિતી મેળવવા માટે આપેલ QR CODE SCAN કરીને જોઈન કરો.
Mayuri Bagadai
63555 17630
AM trading
am_trading71




Magnificent

**4 BHK Flats & Penthouses**


Project By

JMJ PROJECTS
Dream.Create.Inspire...

JS GROUP

@ KALAWAD ROAD,
NEAR CRYSTAL MALL
Contact Us. 73000 60030 • 92746 11111

KALAVID


VS
GRAPHICS
આપના
ન્યુઝ પેપરને
આપીશુ એક
નવી ઉંચાઈ
મહેનત અમારી,
સફળતા તમારી
સચોટ માર્ગદર્શક
અદ્‌ભુત લે-આઉટ
અવનવી તસવીરો સાથે
M : 94097 57062